Thursday 01, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૩૦૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## અખાત્રીજથી વલસાડ કેરી માર્કેટ ખુલ્યું

### વલસાડ કેરી માર્કેટ આજથી રાત દિવસ ધમધમશે : વેપારીએ ૫૦૦ મણ હાફૂસ કેરીનો જથ્થો રવાના કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** આજરોજ અખાત્રીજના દિવસે વલસાડની કેરી માર્કેટમાં કેરીના વેપારી એ ૫૦૦ મણ હાફૂસ કેરીનો જથ્થો મોકલાવી શરૂઆત કરી છે. જોકે વલસાડ કેરી માર્કેટમાં ધીરે ધીરે કેસર હાફૂસ, રાજાપુરી કેરીનો જથ્થો ધીરે ધીરે વેચાણ માટે આવી રહ્યો છે.

વલસાડ જિલ્લામાં આફૂસ કેરી વિશ્વવિખ્યાત છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વલસાડ જિલ્લામાંથી આફૂસ કેરી નામસેસ થવા જઈ રહી છે. વલસાડ જિલ્લામાં આ વર્ષે કેરીનો મતલબ પાક ઉતરશે એવી આશા ખેડૂતોને હતી પરંતુ બદલાયેલા વાતાવરણના કારણે કેરીનો પાક ઓછો ઉતરતા ખેડૂતોની મુશ્કેલી વધી છે તેમ જ આંબાવાડીમાં કેરીનો પાક સારો આવે તે માટે ખાતર દવાનો છંટકાવ પણ મોટા પ્રમાણમાં કરવામાં આવ્યો હતો. જોકે આ વર્ષે ખેડૂતોની આંબાવાડીમાં કેરીનો પાક ઓછો ઉતર્યો છે. જેથી કેરીનો ભાવ વધારો થશે. આજરોજ અખાત્રીજના શુભ દિવસે વલસાડ જિલ્લામાં કેરીનો વેપારનો શુભારંભ કરતા હોય છે. ત્યારે વલસાડ કેરી માર્કેટમાં કેરીના જાણીતા મોટા વેપારી અને વલસાડ નગરપાલિકા ઉપપ્રમુખ આશુતોષ ઉર્ફે બબલુ મિશ્રાએ આજરોજ અખાત્રીજના દિવસે વેપાર માટે ૫૦૦ મણ આફૂસ કેરીનો મોકલી કેરી વેચવાનો શુભારંભ કર્યો છે. તો કેરી માર્કેટમાં આફુસ કેસર અને રાજાપુરી જેવી ધીરે ધીરે વેચાણમાં આવી રહી છે. વલસાડ કેરી માર્કેટ આજથી રાત દિવસ ધમધમશે એવું દેખાઈ રહ્યું છે.

### લોકોમાં ઉગ્ર રોષ, દમણનાં સાંસદ ઉમેશ પટેલ સ્થળ પર પહોંચ્યા : દાનહના સાંસદ ક્યાં છે ?

## ખાનવેલમાં આદિવાસીના ઘરો પર બુલડોઝર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૩૦ :** ખાનવેલ વિસ્તારમાં ગરીબ આદિવાસી પરિવારોના નિવાસસ્થાનો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવાતા ભારે હડકંપ મચી ગયો છે. આ ઘટનાથી લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે અને મોટી સંખ્યામાં આદિવાસીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. લોકોના આરોપ મુજબ તંત્રે કોઈપણ વિકલ્પ આપ્યા વિના કુટુંબોને બેરખું કરી દીધાં છે, જેના કારણે પરિવારો જીવન નિર્વાહ માટે સંઘર્ષ કરી રહ્યા છે.





આ મામલાની ગંભીરતા જોતા દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલ ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા. તેઓએ અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લીધી અને તેમને ન્યાય અપાવવાનો આશ્વાસન આપ્યો. ઉમેશ પટેલે તંત્રની કામગીરીને અમાનવીય અને આદિવાસીઓના અધિકારોનો ઉલ્લંઘન કરનારી ગણાવી હતી.

આ મામલાને લઈને આદિવાસી એકતા પરિષદ દ્વારા રેલી તથા સભાનું આયોજન કરાયું હતું, પરંતુ તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી નહોતી. તેમ છતાં મોટી સંખ્યામાં લોકો ફોરેસ્ટ ડીપોના નજીક ભેગા થયા હતા અને શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવ્યો હતો.

સાંસદ ઉમેશ પટેલે ત્યાં ઉપસ્થિત જનતાને શાંતિ જાળવવાની અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારની રેલી કે ભાષણ તંત્રની મંજૂરી વિના ન થાય. તેમણે જણાવ્યું હતું કે, 'આ મામલો માત્ર એક વિસ્તારનો નથી, આ આપણા અસ્તિત્વ, અધિકાર અને આત્મગૌરવનો પ્રશ્ન છે. અમે લોકશાહી રીતે તંત્રને જવાબ આપીશું.

સાંસદ ઉમેશ પટેલે તંત્રને પણ ચેતવણી આપી હતી કે ગરીબો પરનો અતિચાર તાત્કાલિક બંધ કરવામાં આવે અને આદિવાસીઓને તેમનો હક આપવામાં આવે, નહિતર વિશાળ આંદોલન ઉભું કરવામાં આવશે.

અંતે લોકોએ પણ સાંસદના આહવાનને ગંભીરતાપૂર્વક સાંભળી તેમનો સમર્થન જાહેર કર્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ પોતાના હક્ક માટે શાંતિપૂર્વક લડત ચાલુ રાખશે. આ ઘટનાથી સ્પષ્ટ છે કે તંત્રની નિર્દયતા સામે હવે આદિવાસી સમાજ સંગઠિત અવાજ ઊભો કરી રહ્યો છે અને આગામી સમયમાં આ મુદ્દો વધુ તીવ્ર બની શકે છે.

## કપરાડાને ધારાસભ્ય જીતુભાઈના પ્રયાસોથી સાયન્સ કોલેજ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૩૦ :** કપરાડા તાલુકા માં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચાલતી શાળાઓ અને ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓ ધોરણ ૧૨ સાયન્સના અભ્યાસ પૂર્ણ કર્યો બાદ પારડી, વલસાડ ખાતે ચાલતી સરકારી સાયન્સ કોલેજમાં અભ્યાસ કરવો પડી રહ્યો હતો. જેને લઈ કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વાર વર્ષોથી કપરાડા તાલુકાના સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોતાના તાલુકા કક્ષાએ જ B.sc નો અભ્યાસ કરે તે હેતુ થી અથાગ પ્રયત્ન અવિરત રહ્યા હતા.જેની ફળશ્રુતિ રૂપે કપરાડા તાલુકાને સરકારે સાયન્સ કોલેજ મંજૂરી આપતા કપરાડા તાલુકાના વિધાર્થીઓ અને વાલીઓમાં ખુશી જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે આજના આધુનિક અને વિજ્ઞાન ટેક્નોલોજીના યુગમાં કપરાડા તાલુકાના આદિવાસી વિધાર્થીઓ માં સાયન્સ



તરફ છું રુચિ જોવા મળી છે. ભૂતકાળમાં કપરાડા તાલુકામાં સાયન્સ કોલેજના આભાવે કપરાડા તાલુકામાંથી પ્રતિ વર્ષ અસંખ્ય વિધાર્થીઓ B.sc નુ શિક્ષણ મેળવવા પારડી, વલસાડની સરકારી કોલેજો ઉપરાંત ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ પ્રવેશ મેળવી અભ્યાસ કરી રહ્યા છે. હવે પછી ના ચાલુ સત્ર નવી ચાલુ થનારી સાયન્સ કોલેજના કપરાડાના વિધાર્થીઓ ને પોતાના જ તાલુકામાં B.sc નો અભ્યાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. જેથી અન્ય જિલ્લાઓમાં જઇ સાયન્સનું શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને કરવો પડતો ખર્ચ ન કરવો પડે. જેને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદ જોવા મળી રહ્યો છે. એક જાણકારી મુજબ આગામી પ્રથમ સત્રથી જ કોલેજ શરૂ થશે. જ્યાં સુધી નવા મકાનનું નિર્માણ ન થાય ત્યાં સુધી પ્રથમ વર્ષ B.sc નો અભ્યાસ કપરાડા ખાતે ચાલતી વિનિમય કોલેજમાં જ ક્લાસ શરૂ કરશે. વધુમાં ભવિષ્યમાં સાયન્સ કોલેજનું અધતન સુવિધા સાથેનું મકાનનું નિર્માણ કરવામાં આવશેની વિગત મળવા પામી છે. આમ કપરાડા તાલુકામાં જીતુભાઈ ચૌધરીના અથાગ પ્રયત્ન બાદ સરકારે આપેલી સાયન્સ કોલેજની ભેટથી કપરાડા તાલુકાના શિક્ષણવિદ્ અને લોકો એ સરકાર અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો.

## વાપી બજારમાં ફૂલના વેચાણ બાબતે બે વેપારીઓ બાખડ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી ટાઉનના મુખ્ય બજારમાં અનેક ફૂલોના વેચાણ માટે નાના-મોટા વેપારીઓ આવતા હોય છે. જ્યારે ગઈકાલે મળસ્કે ત્રણેક વાગ્યાની આસપાસ ફૂલના વેચાણ માટે વેપારીઓ તેના માણસો સાથે આવી પહોંચ્યા હતાં. સવારે ફૂલના વેચાણ દરમિયાન બાજુમાં ફૂલનું વેચાણ કરનાર ફૂલના વેપારી અને તેના કામદારે ઝઘડો કર્યો હતો અને તે બાદ કેરેટ વડે એકને માર માર્યો હતો. જે અંગેની વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી વૈશાલી, ગુંજનમાં રહેતા સદામઅલી કલામુદીન અલી (ઉં.૨૮) અને તેઓ ફૂલ વેચનારા વેપારીને ત્યાં નોકરી કરે છે. મંગળવારે મળસકે આશરે ત્રણેક વાગ્યાની આસપાસ વાપી ટાઉન મેઈન બજારમાં ફૂલના વેપારી તથા અન્ય માણસો સાથે ફૂલનો વેપાર કરી રહ્યા હતાં. ત્યારે બાજુમાં જ ફૂલનો વેપાર કરનાર શુભમ રવિ ગૌંડ ગમેતેમ ગાળો બોલતો હોય જેથી તેને ગાળો કેમ આપે છેનું પૂછવા જતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પ્લાસ્ટીકના કેરેટથી ફરિયાદીને માર માર્યો હતો. જોકે આ ઝઘડો ફૂલના વેપારની ધંધાની અદાવતમાં આ ઝઘડો થયો હોવાનું કારણ બતાવાયું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં સદામઅલીએ તેના પર પ્લાસ્ટિકના કેરેટ વડે હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ શુભમ ગૌંડ સામે નોંધાવીછે જે અંગે ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડમાં ૧૭૦ મહેસુલી કર્મચારીઓ સામુહિક રજા પર ઉતરી ગયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** કેટલાક વર્ષોથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા જિલ્લા મહેસૂની કર્મચારીઓની પડતર માંગણીઓનું નિરાકરણ નહીં આવતા આજરોજ જિલ્લાના ૧૭૦થી વધુ મહેસુલી કર્મચારીઓએ માસ સીએલ પર ઉતરી વિરોધ કર્યો હતો.

છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર ગુજરાતમાં ફરજ બજાવતા મહેસુલી વિભાગના કર્મચારીઓની સરકાર દ્વારા માંગણી સ્વીકારવામાં આવતી નથી. જેના ભાગરૂપે અગાઉ વલસાડ જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે ૯મી એપ્રિલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર પાઠવ્યું હતું. જે બાદ ૨૨મી એપ્રિલે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ ન મળતા આજ




આજરોજ વલસાડ જિલ્લામાં મહેસૂલી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ માસ સી એલ પર ઊતરી વિરોધ કર્યો છે. કર્મચારીઓએ મુખ્યમંત્રી તરીકે નાયબ મામલતદાર સંવર્ગની છેલ્લા ૮ વર્ષથી અપડેટ ન થયેલી પ્રવરતા યાદી, જિલ્લા ફેર બદલીની પડતર અરજીઓનો નિકાલ, કારકુનથી નાયબ મામલતદાર સુધીની બઢતીની પ્રક્રિયા અને જિલ્લા ફેર બદલીઓ રદ કરવાનો સમાવેશ થાય છે. મહેસુલ ના કર્મચારીઓની માસ સીએલ પર ઉતરતા જનસભા કેન્દ્ર પર આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો રાશન કાર્ડની કેવાયસી સહિતની સેવાઓને અસર પહોંર પહોંચી હતી. રાજ્ય સરકાર દ્વારા મહેસુલી કર્મચારી મંડળના કર્મચારીઓની માંગણીઓનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવામાં આવશે એનું જણાવ્યું હતું.

## વાંકલમાં આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

### આમુ ઢોડિયા બાવીહો પુસ્તકનું વિમોચન : ખાના-ખજાના આદિવાસી વાનગીઓને લોકોએ ભરપુર ઝાપટી






**વલસાડ:, તા. ૩૦ :** વાંકલ શ્રીજી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ કૃતિઓ-ગીતો રજુ કરીને સંસ્કૃતિને જીવંત રાખવા પ્રયાસ કરાયો હતો.

ઢોડિયા સમાજ સમસ્ત બાવીસા કુળ પરિવાર દ્વારા કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં કુંકણા-વારલી સમાજનું ઢાક વાદન(દેવકારીયા), લગ્ન પ્રસંગોમાં વગાડવામાં આવતું માદન નૃત્ય, ડાંગી આદિવાસી નૃત્ય, ઢોડિયા સમાજમાં વિવિધ પ્રસંગોમાં ગવાતા દેવી-દેવતાના ગીતો, લગ્ન પ્રસંગોમાં ગવાતા ભાંડવાણીયા (ફટાણા), ચૌધરી નૃત્ય, ગામીત નૃત્ય, સહિત આદિવાસી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમ ઢોડિયા બોલીમાં કરવામાં આવ્યું હતું.

આદિવાસી નાનકડી દિકરી ઢોડિયાએ ઢોડિયા બોલીમાં સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દુર કરી તેમજ મોબાઈલનો ઉપયોગ નિયત્રિંત કરી, યુવાનોને વ્યસન ત્યજવા અપીલ કરી હતી. તેમજ આરોગ્ય અને પ્રાકૃતિક ખેતીના સ્ટોલ પર યોજના વિષયક સાહિત્યનું વિતરણ કરાયું હતું.

સાંસદ ધવલભાઇ પટેલ, બાવીસા કુળના અગ્રણી અને ધારાસભ્ય અરવિંદભાઇ પટેલ સહિત વિવિધ આદિવાસી સમાજના આગેવાનોના હસ્તે આમુ ઢોડિયા બાવીહા પુસ્તકનું પણ વિમોચન કરાયું હતું. આ પુસ્તકમાં આદિવાસી ઢોડિયા જાતિની જન્મ થી મરણ સુધીની બધી જ વિગતો સમાવી લેવાનો પ્રયાસ થયો છે. આ ઉપરાંત ઢોડિયા લગ્નવિધિ, તેમના ઉત્સવો, દેવી દેવતાઓ, ઢોડિયા સમાજના કુળો, રોજ-બરોજ બોલાતા શબ્દોને સમાવાયા છે. જેનો મુખ્ય આશય સંસ્કૃતિના જતનનો છે.

કાર્યક્રમમાં પેજવું ને છુંદો, આદિવાસી ખાના-ખજાનામાં નાગલીના રોટલા, અડદની દાળ, રાગી, પીઝા સહિતની વાનગીઓ લોકોએ મનભરીને આરોગી હતી.

## ડાંગમાં ગૌરાઈ પુંજન સાથે ખાતરીની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ડાંગ, તા.૩૦ :** વૈશાખ સુદ ત્રીજને ડાંગી આદિવાસીઓ અક્ષય તૃતિયા- અખાત્રીજ કહે છે. અખાત્રીજ મુખ્યત્વે ડાંગી આદિવાસીઓનો તહેવાર છે. અખાત્રીજ દરમિયાન ગૌરાઈ પુજન કરવામાં આવે છે. જેમાં સાત થી આઠ દિવસ પહેલાં એક વાંસની ટોપલીમાં નાગલી, ડાંગર, મકાઈ, અડદ, જવાર જેવા મિલેટ પાકોનું વાવેતર કરવામાં આવે છે. અખાત્રીજ એટલે વાવણી માટેના બીજની ચકાસણી ક્રિયા. અખાત્રીજના દિવસે ટોપલીમાંથી ઉગેલ ધાન્યમાં ધરૂ ઘટ આવ્યું છે કે પાતળું તેના પરથી ખેતીનું અનુમાન લગાવાય છે. કુદરતના ખોળે જન્મેલા આપણને અબુધ લાગતાં આદિવાસીઓ, કુદરત/-કૃતિ પ્રત્યે જે રીતે તેમની ભાવના વ્યક્ત કરે છે, તે અનોખી છે.

## ઘોડવણીનાં પોસ્ટ માસ્ટરને ઉચાપતના કેસમાં બે વર્ષની કેદ અને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૩૦ :** ખેરગામ તાલુકાના ઘોડવણી ગામે નવેક વર્ષ અગાઉ પોસ્ટ ઓફિસ ચલાવતા પોસ્ટ માસ્ટરે એક ખાતેદારની પાસબુક માંગી વ્યાજ ચઢાવવાનું છે. એમ જણાવી ખાતામાંથી રૂપિયા ૧૫,૪૦૦ની ઉચાપત કરી અંગત કામ માટે વાપરી નાખતા જે તે વખતે આ પોસ્ટ માસ્તર વિરુદ્ધ ફરિયાદ થતાં ચીખલી કોર્ટે પોસ્ટ માસ્તરને બે વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૫,૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ કરતા પોસ્ટ ઓફિસ ચલાવતા સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

બનાવ પ્રાપ્ત માહિતી અનુસાર ખેરગામ તાલુકાના ઘોડવણી ગામે પોસ્ટ ઓફિસ ચલાવતા ગમનભાઈ લીમજીભાઈ પટેલ ઉ.વ. ૫૫ રહે. ઢોલુમ્બર દાદરી ફળિયા જેણે ઘોડવણી ગામે રહેતા કેતન લલ્લુભાઈ પટેલ જેનું ઘોડવણી ગામે પોસ્ટ ઓફિસમાં ખાતું ચાલતું હોય ત્યારે પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા ગમનભાઈ પટેલે કેતન પટેલ પાસે પોસ્ટ ઓફિસની પાસબુક મંગાવી જણાવેલ કે તમારી પાસબુકમાં વ્યાજ ચઢાવવાનું છે એમ કહી પાસબુક મેળવી હતી અને ત્યારબાદ ગમનભાઈ પટેલે કેતનભાઇ પટેલના પોસ્ટ ખાતામાંથી રૂપિયા ૧૫,૪૦૦ ની ઉચાપત કરી પોતાના અંગત કામ માટે વાપરી નાંખી હતી. જે બનાવ અંગે ૨૦૧૬ ના વર્ષમાં ચીખલીમાં પોસ્ટ ઓફિસમાં પોસ્ટ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા પૂનમચંદ ખેંગાર પરમારને ધ્યાન ઉપર આવતા જેની વિગતો મેળવી બનાવની ફરિયાદ તા. ૨૯. ૪.૧૬ ના રોજ કરવામાં આવી હતી જે કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા નવ વર્ષ બાદ ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે જેમાં સરકારી વકીલ શ્રી યોગેશભાઈ આર. પટેલે ધારદાર રજૂઆતો કરતા અને બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ ચીખલીના ન્યાયાધીશ વિમલેશકુમાર દેવેન્દ્ર પ્રસાદ વ્યાસે આરોપી ગમન લીમજી પટેલને આઈપીસી કલમ ૪૦૯ ના ગુનામાં દોષી ઠેરવી બે વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ફટકારતો હુકમ કરવામાં આવતા ચીખલી અને ખેરગામ પોસ્ટ ઓફિસ ચલાવતા સંચાલકોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.


## વાજવડમાં મહુડામાં આગ લાગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૩૦ :** કપરાડા તાલુકાના વાજવડ ગામે વાજવડ નેશનલ હાઈવે ફાટક નજીક બારી પાસે થી કોઠાર તરફ જતાં માર્ગ પર આદિવાસીઓના કલ્પવૃક્ષ ગણાતા મહુડાના તોતીંગ વૃક્ષમાં આગ લાગતા જાગૃત સ્થાનિકો તરત સ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ઝાડનાં અંદરના ભાગે પોલાણ ભાગમાં આગ ફેલાઈ હતી.



અજાણી કારણોસર ભડકી ગયેલી આ આગની જાણ વન વિભાગના અધિકારી અંકિતભાઈ પટેલને કરવામાં આવી હતી.



# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

Thursday 01, May 2025

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## બીલીમોરામાં વૃક્ષારોપણથી થયેલી હરિયાળી હેતથી હરખાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૩૦ :** બીલીમોરા વિસ્તાર ગ્લોબલ વૉર્મિંગથી દૂર રહી શકે એ માટે બીલીમોરા હરિયાલી ગ્રૂપ દ્વારા ચાલી રહેલી વૃક્ષારોપણ ની કામગીરીથી પ્રેરણા લઈ લોકો હરિયાળી ઝુંબેશમાં સહભાગી બની રહયા છે. બીલીમોરા વિસ્તારમાં વૃક્ષારોપણ થી થયેલી હરિયાળી હેત થી હરખાઈ રહી છે.બીલીમોરા પંથકમાં હરિયાળી ક્રાંતિનાં પ્રણેતા હરિયાલી ગ્રુપએ મંગળવાર સવારે સોમનાથ માર્ગની બંને તરફ રાજભોગ સર્કલથી જય જલારામ મંદિર સુધી ૧૨ ફૂટ ઉંચા ૨૫ વૃક્ષ રોપા વાવેતર કર્યા હતા. જેને રખડતા ઢોરોથી બચાવવા રક્ષણાત્મક ટ્રીગાર્ડ પણ લગાવ્યા હતા. આ પ્રસંગે પ્રો.બી.એચ. પટેલ, પાલિકા પ્રમુખ મનીષ પટેલ,ભાજપ શહેર પ્રમુખ નિરવ ટેલર, માજી શહેર પ્રમુખ વિજય પટેલ, ભૂપેન્દ્ર સુરતી, અર્ચના મહેતા, પાલિકા ઈજનેર સંકેત પટેલ, ગિરીશ પટેલ સહિત અનેક અગ્રણીઓ વૃક્ષ યજ્ઞમાં સહભાગી બન્યા હતા.

## સુબિરના કંસારીયા ગઢ ખાતે વિવિધ વિકાસના કામોના ખાતમુહુર્ત કરાયા



**આહવા, તા. ૩૦ :** ગુજરાત વિધાનસભા નાયબ દંડક વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમા તારીખ ૨૬ એપ્રિલના રોજ સુબીર તાલુકાના ધાર્મિક સ્થળ કંસારીયા ગઢ ખાતે વિવિધ વિકાસના કામોના ખાતમુહર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતુ કે, આદિવાસીઓના પવિત્ર યાત્રાધામ કંસારીયા ગઢ ખાતે મોટી સંખ્યામાં ગુજરાત અને મહારાષ્ટ્રના શ્રધ્ધાળુંઓ અને પ્રવાસીઓ આવતાં હોય છે ત્યારે અહિં પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવી ખુબ જ જરૂરી હતી. જે સ્થાનિક લોકોની આસ્થા અને લોકોની માંગણીઓને ધ્યાને રાખી વન વિભાગ દ્વારા આજે અહિં વિવિધ કામોનું ખાતમુહર્ત કરવામાં આવી રહેલ છે.

આદિવાસીઓની માન્યાતાઓ અને શ્રદ્ધાને ધ્યાનમાં રાખી દેવખળીનું અ-ગેટેશન કરવામાં આવશે સાથે જ શ્રધ્ધાળુંઓને દર્શનાર્થે કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે નાનો કોઝવે પણ બનાવવામાં આવશે.

જંગલ વિસ્તારમાં આવેલ આ દેવ સ્થાન ઉપર લોકોની શ્રધ્ધા અને આસ્થા રહેલી છે ત્યારે અહિં જંગલ પણ જળવાઈ રહે તે જરૂરી છે. જંગલ જ ડાંગની ઓળખ છે. જંગલના કારણે જ અહિં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતાં હોય છે જેથી સ્થાનિક લોકોએ જંગલ બચાવવાં સાથે વન વિભાગને પણ સહયોગ આપે તે જરૂરી છે. ડાંગનું જંગલ સાચવવાં આપણાં સૌની જવાબદારી છે તેમ શ્રી વિજયભાઈ પટેલે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉત્તર નાયબ વન સંરક્ષક દિનેશભાઈ રબારીએ પોતાના પ્રાસંગીક વકતવ્યમાં જણાવ્યું હતું કે, કંસારીયા ગઢ ખાતે ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા વન વિભાગ હસ્તક આવેલ યાત્રાધામ ખાતે વિવિધ વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જેમાં અહિં ધાર્મિક હેતુઓ માટે આવનાર લોકો માટે પાયાકીય સુવિધાઓ મળી રહે તે માટે આજરોજ પ્રોવાઈડીંગ પેવર બ્લોક ફોર્મ મેઈન રોડ ટુવર્ડ ધ એન્ટ્રી સ્ટેર, રીનોવેશન ઓફ -નેટેકશન વોલ ફોર્મ નાળા ટુ કોઝવે, પેવર બ્લોક નીયર ફોરેસ્ટ ચૌકી, રીનોવોશન ચોતરા એન્ટ્રી, જેકેટીંગ ઓફ પ્રોટેક્શન વોલ ફોર્મ કોઝવે ટુ મેઈન રો, ઈમ્પ્રુવમેન્ટ ઓફ પ્રોટેક્શન વોલ ફોર્મ ચેકડેમ ટુ વર્ડસ ધ એન્ટ્રી પોઈન્ટ જેવા વિવિધ વિકાસના કામોનું ખાતમુહર્ત કરવામાં આવેલ છે.

## ડાંગનાં પ્રા. વિનોદ ગવળીએ ગુજરાતી વિષયમાં પીએચડી થયા



**આહવા, તા. ૩૦ :** ડાંગ જિલ્લાના ધવલીદોડ ગામના વતની તથા સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, આહવા ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ એસ. ગવળીએ ગુજરાતી વિષયમાં Ph.D.ની પદવી પ્રાપ્ત કરી વિશેષ સિદ્ધિ હાંસલ કરી.

પ્રા.વિનોદભાઈ એસ. ગવળી જેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા ખાતેના ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ.પુંડલિક સી. પવારના માર્ગદર્શનમાં હેઠળ “A Literary and Cultural Study of Selected Dangi Folktales” (કેટલીક પસંદગીની ડાંગી લોકકથાઓનો સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ) વિષય પર શોધકાર્ય કરી મહાશોધનિબંધ તૈયાર કર્યો હતો.

જેને ‘મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા’એ માન્ય રાખી તેઓને પી.એચ.ડી. (Ph.D.) ની પદવી એનાયત કરી છે. આ Ph.D.પદવીની વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ પ્રા.વિનોદભાઈ એસ. ગવળીને સમગ્ર કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### રાજ્ય કક્ષાનાં ખેલમહાકુંભમાં કબડ્ડીની સ્પર્ધામાં

## ડાંગનાં ગારખડી પ્રા. શાળાનાં વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ જીત્યો

**સાપુતારા, તા. ૩૦ :** રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૩.૦ માં ડાંગ જિલ્લાની અંડર-૧૪ કબડ્ડીની ટીમે શાનદાર પ્રદર્શન કરતા બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે.આ ટીમમાં ગારખડી પ્રાથમિક શાળાનાં તેજસ્વી બાળકોએ ભાગ લીધો હતો.અને પોતાની ઉત્કૃષ્ટ રમત દ્વારા જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. રમત-ગમતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ ખેલમહાકુંભમાં ડાંગ જિલ્લાની ટીમે શરૂઆતથી જ શાનદાર રમત દાખવી હતી. ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાનાં ગારખડી પ્રાથમિક શાળાના બાળકોએ ટીમના મહત્વના સભ્યો તરીકે યોગદાન આપ્યુ હતુ.આ સફળતા પાછળ ટીમના કોચ અને ગારખડી પ્રાથમિક શાળાના શિક્ષકોની અથાગ મહેનત રહેલી છે, જેમણે બાળકોને સખત તાલીમ આપી હતી. રાજ્ય કક્ષાની આ સ્પર્ધામાં ડાંગ જિલ્લાની ગારખડી શાળાની ટીમે કાંસ્ય ચંદ્રક જીતીને માત્ર ડાંગ જિલ્લાનું જ નહીં, પરંતુ ગારખડી ગામ અને ગારખડી પ્રાથમિક શાળાનું નામ પણ રોશન કર્યું છે. આ ભવ્ય જીતથી ગારખડી પ્રાથમિક શાળાના સમગ્ર સ્ટાફ, શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) પરિવાર અને ગ્રામજનોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે અને તેઓ ગર્વની લાગણી અનુભવી રહ્યા છે.ડાંગ જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષણ પરિવારે આ અસાધારણ સિદ્ધિ બદલ ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.ગારખડી પ્રાથમિક શાળાના આચાર્યએ પણ શિક્ષકો અને બાળકોને અભિનંદન આપતાં બાળકોને રમત-ગમત ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી હતી. આ જીત ડાંગ જિલ્લાના યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે અને તેમને રમત-ગમત ક્ષેત્રે વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહન આપશે..

## પ્રેરણા ગ્રુપ ચીખલી દ્વારા પીપલઘોડી ખાતે જરૂરિયાતમંદને સાડી અને શિક્ષણ કિટનું વિતરણ કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા. ૩૦ :** સતત ૨૦ વર્ષથી માનવસેવાના ધ્યેય સાથે કાર્યરત -રણા ગ્રુપ ચીખલી દ્વારા છેવાડાના માનવીને પણ મૂળભૂત સુવિધા -ાપ્ત થાય અને સામાજિક ક્ષેત્રે એક આત્મીયતા અને સુમેળભર્યા સમાજનું નિર્માણ થાય એ હેતુથી અંતરયાર વનવિસ્તારમાં સમયાંતરે વિવિધ સેવા કાર્યનું આયોજન કરવામાં આવે છે.જે અંતર્ગત ડાંગના અંતરિયાળ વિસ્તારમાં આવેલ પીપલઘોડી ગામ ખાતે જરૂરિયાતમંદ અને વૃદ્ધ મહિલાઓને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાટે સુરેન્દ્રનગરના રિતેશ ભરતભાઈ શેઠનો સહયોગ મળ્યો હતો. ગામના અગ્રણીઓની હાજરીમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. એ જ રીતે બાળકો શિક્ષણ માટે -ોત્સાહિત થાય અને સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને એ રીતે એક મજબૂત સમાજનું નિર્માણ થાય એ હેતુથી શાળામાં અભ્યાસ કરતા બાળકો ને શિક્ષણ માટે જરૂરી એવા સાધનોનું પણ સમયાંતરે વિતરણ કરવામાં આવે છે. આવા જ એક સેવા કાર્ય અંતર્ગત વન વિસ્તારમાં આવેલ શાળાના બાળકોને ધીરુભાઈ ગાંધી અને કોકીલાબેન ગાંધી કેનેડાના સૌજન્ય થી સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ શાળામાં રોજિંદા



ઉપયોગ માટે જરૂરી એવી શૈક્ષણિક કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. એ જ રીતે બાળકોની પૌષ્ટિક આહાર માટેની જરૂરીયાત પૂરી કરવાના અભિગમ સાથે આહવા થી અંતરયાર વિસ્તારમાં આવેલ ગામ ખાતે બાળકોને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય દરમિયાન બાળકોમાં અનેરો ઉત્તસાહ અને આનંદ જોવા મળ્યો હતો .બાળકોને માટે ખાસ આ બિસ્કીટ વિતરણ નું સેવાકાર્ય કેનેડા સ્થિત ડોક્ટર નીલીમા ગાંધી- ભાવસાર અને એમના પરિવારના ચિરંજીવી ત્રિશા અને ચિરંજીવી રોનિત ના સહયોગથી સમપન્ન થયું હતું. આ જ -કારે એક સેવા કાર્યમાં આશ્રમશાળામાં નિવાસ કરીને અભ્યાસ કરતા બાળકો માટે યુએસએ ના અશોકભાઈ પરમાર અને ભાવનાબેન પરમાર ના સૌજન્ય થી બાળકોને પૌષ્ટિક ભોજન પીરસવામાં આવ્યું હતું.


**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**
**વેબસાઈટની મુલાકાત લો**
**www. damanganga times.com**


## દમણ રેડિયો

**102.3 FM**


આકાશવાણી

### ગુરુવાર


**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫- ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે** : (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન

## ગુજરાત સ્થાપના દિવસે ડાંગ માટેની ગુજરાતની ચળવળની ઝાંખી







**અહેવાલ : મનોજ ખેંગાર**
**આહવા, તા. ૩૦ :** દેશ જયારે ‘આઝાદીનો અમૃત મહોત્સવ’ ઉજવી ચુક્યો છે ત્યારે, આ મહામૂલી આઝાદી અને સ્વતંત્રતા અપાવનારા અનેક નામી-અનામી કાર્યકરો, કર્મઠ આગેવાનો, રાષ્ટ્રપ્રેમીઓના યોગદાન અને તેમણે કરેલા કાર્યોથી, આજની નવી પેઢીને વાકેફ કરી શકાય તેવા સ્તુત્ય પ્રયાસો સાથે, તા.૧લી મે - ગુજરાત સ્થાપના દિવસ નિમેત્તે આ ખાસ અહેવાલ અત્રે પ્રસ્તુત કરાયો છે.

તો આવો જાણીએ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી છૂટા પડેલા ડાંગઁ સાથેના મહાગુજરાત ચળવળના કેટલાક અંશો,

ગુજરાતની અસ્મિતા એવો પહેલ વહેલો શબ્દ પ્રયોગ કરનાર સ્વ.શ્રી કનૈયાલાલ મુનશીએ, બૃહદ મુંબઈ દ્વિભાષી રાજ્યના વિભાજન સાથે ગુજરાતમા, મહાનગર મુંબઈ પણ જોઈએ, તેવી લાગણી વ્યક્ત કરતા, મહાગુજરાત જનતા પરિષદે સાથેના સૈદ્ધાંતિક વિરોધ બાદ, રાજસ્થાનની સરહદે આબુ અને અહી મહારાષ્ટ્રની સરહદે ડાંગ માટે પણ વિરોધ ખેંચતાણ શરૂ થયાનુ મહાગુજરાતની ચળવળે મા નોંધાયુ છે.

તત્કાલિન કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર-ગુજરાત અને મુંબઈ, એમ ત્રણ હિસ્સાના સમર્થનમા હતી. જેને કારણે મરાઠી ભાષીઓને એવુ લાગતુ હતુ કે, ગુજરાતીઓને કારણે મુંબઈને, મહારાષ્ટ્રમાંથી છીનવી લેવાશે. જેને કારણે ઊભી થયેલી ગેરમાન્યતાને કારણે સંઘર્ષ ઉગ્ર બન્યો હતો.

આ બધાની વચ્ચે ડાંગનો પ્રશ્ન પેચિદો બન્યો હતો. ડાંગની પ્રજાની બોલીઁ મરાઠીઁ જેવી હતી. અહીના લોકોની રહેણીકરણી અને પહેરવેશ પણ મહારાષ્ટ્રીયન લોકોને મળતો આવતો હતો. જેને કારણે ભારે ખેંચતાણ વચ્ચે, પહેલા ડાંગ, અને પછી સાપુતારાને ગુજરાત સાથે રાખવા માટે, તે વખતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી, ગુજરાતની અસ્મિતાને અહી સુપેરે લાગુ કરવા માટે લોઢાના ચણા ચાવવા પડ્યા હતા.

સને.૧૯૫૬નીઁ મહાગુજરાત ચળવળૅ અને ડાંગ સાથેના ગુજરાત રાજ્યના સ્વપ્નદ્રષ્ટા એવા, ડાંગ સ્વરાજ આશ્રમના નાયક બંધુઓ, તથા તેમના નિષ્ઠાવાન કાર્યકરોની ધારદાર રજૂઆત, અને તત્કાલિન વડાપ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નહેરુની દિલ્હી ખાતેની શ્રેણીબદ્ધ રૂબરૂ મુલાકાત બાદ, ડાંગ સાથેના ગુજરાતૅ ની તા.૧લી મે ૧૯૬૦ના રોજ સ્થાપના થઈ હોવાની જાહેરાત, આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ઉપરથી વિધીસર રીતે થઈ, ત્યારે બાર-બાર વર્ષોના સંઘર્ષનો અંત આવ્યો હતો.

તે વેળા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો.જીવરાજ મહેતાએ ડાંગ નામનુ બાળક, માં ગુર્જરીને ખોળે બેઠું છે ત્યારે સરકાર, ડાંગને શું ભેટ આપે ? તેવી વાત રજૂ કરી. ત્યારે ડાંગને કર્મભૂમિ બનાવનાર નાયક બંધુઓએ, ડાંગના લોકોને માથે ચઢેલા સરકારી દેવાને માફી આપવા સાથે, તે વખતનૉ ડાંગ ફંડે નૅ ડાંગ વિકાસ ફંડે ના નામે તિજોરીમા જમા કરી, તેના વ્યાજની આવકમાંથી પણ, ડાંગના વિકાસ કામો હાથ ધરવાની માંગણી કરી હતી. જેનો મુખ્યમંત્રીશ્રીએ સહર્ષ સ્વિકાર કર્યો હોવાની નોંધ, સ્વ.શ્રી ઘેલુભાઈ નાયકે તેમનાઁ મારી સ્મરણયાત્રૉ નામના પુસ્તકમા કરી છે.

દ્વિભાષી મુંબઈ રાજ્યના એક ભાગ તરીકે ગણાતા ડાંગ પ્રદેશ માટે, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે જે તે વખતે, ભારે ખેંચતાણ થઈ હતી. ડાંગ જિલ્લા લોકલ બોર્ડની ચૂંટણી ઉપર આખી વાત નિર્ભર હતી. ૩૦ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાંથી ૨૬ બેઠકો સાથે ગુજરાત તરફી પેનલનો વિજય થયો, અને લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ તરીકે સ્વ. છોટુભાઈ નાયકના અધ્યક્ષપદે, ડાંગ પ્રદેશ ગુજરાત સાથે જોડાશે, તેવો ઠરાવ થયો. આ ઠરાવના વિરોધમા ડાંગ જિલ્લા લોકલ બોર્ડના ચાર સભ્યો કે જેઓ ડાંગ -દેશ, મહારાષ્ટ્ર સાથે જોડાય તેમ ઈચ્છતા હતા. તેમણે ઉગ્ર વિરોધ નોંધાવતા સભા ત્યાગ પણ કર્યો હતો.

ગુજરાત પેનલમાંથી ચૂંટાયેલા કાર્યકરો પૈકી દસ કાર્યકરો ગુજરાતના હતા, અને સોળ કાર્યકરો સ્થાનિક આદિવાસી કાર્યકરો હતા. જેમને પલટાવવા માટે પણ ખૂબ જ પ્રયત્નો થયા પણ તેઓ જરા પણ ડગ્યા વિના, ગુજરાત સાથે જોડાયા. આમ, ડાંગ જિલ્લામા પહેલી વહેલી ચૂંટણી પણ સને ૧૯૫૭/૫૮મા યોજાઈ હતી. જેમા ગુજરાત તરફી પેનલ ૮૬ ટકા મત (૩૦ માંથી ૨૬ બેઠકો) સાથે વિજયી બની હતી. ધીમે ધીમે ભાષાવાદની ભૂતાવણ પણ ભૂંસાતી ગઈ. અંતે ૧લી મે ૧૯૬૦એ આ તમામ ખટપટનો અંત આવ્યો અને ડાંગ નામનુ બાળક, માં ગુર્જરીના ખોળે બેઠું. સાપુતારાનો પણ ડાંગમા સમાવેશ થાય તે માટે શરૂ થયેલી ચળવળ વેળા, બે રાજ્યોના સીમાંકન વખતે, ગુજરાત/મહારાષ્ટ્રની સરહદે જે સ્થળે નવરચિત બન્ને રાજયોના ગવર્નરોએ, સીમાંકનની પ્રક્રિયા હાથ ધરી હતી, એ જગ્યા એટ્લે આજનુ ગવર્નર હિલ તરીકે ઓળખાતુ સ્થાન. સાપના ઉતારા - એટ્લે સાપુતારા. જે જમાનામા ડાંગ -દેશઁ અંધારીયા મુલકઁ તરીકે ઓળખાતો તે વેળા, અહીના જંગલોમા ઝેરી સાપોની ભરમાર હતી. આ સરીસૃપોના અહી રાફડા હતા. સાપુતારા લેક તરીકે ઓળખાતાઁ સર્પગંગા તળાવઁ ની સામે પાર, નાગેશ્વર મહાદેવ મંદિરની પાછળ, આ સર્પોનુ જુનુ મંદિર-સ્થાનક આવેલુ છે. ત્યાર બાદ પ્રવાસીઓના ઉતારા માટે જિલ્લાના લોકલ બોર્ડ દ્વારા તા.૨૪/૫/૧૯૬૧ના રોજઁ પ્રવાસી ગૃહના મકાનના શિલારોપણ સાથે તા.૧૩/૨/૧૯૬૪ના રોજ આ પ્રવાસી ગૃહના ઉદ્દઘાટન સાથે, પ્રવાસીઓ માટે આ સુવિધા ઉપલબ્ધ કરવામા આવી હતી. જે સ્વાગત સર્કલની બાજુમા જમણા હાથે આવેલુ છે. ત્યાર બાદ કાળક્રમે ડાંગ, સાપુતારા, અને નવાગામના વિકાસની પ્રવૃતિ પણ હાથ ધરવામા આવી.

આજે, પ્રવાસીઓથી બારેમાસ ઉભરાતા સાપુતારાએ, ઐતિહાસિક સંઘર્ષની સાથે અનેક ચડતીપડતી જોઈ છે.

હવા ખાવાના સ્થળ તરીકે ઓળખાતા સાપુતારાના વિકાસ સાથે અહી સને.૧૯૬૮મા વિજળીકરણના કાર્યનો પણ પ્રારંભ કરાયો હતો. ડાંગના શિક્ષણ અંગે સને ૧૯૪૮નાં જૂન મહિનામા શ્રી ઝીપરભાઈ તથા શ્રી રામજીભાઈ ઁસ્વરાજ આશ્રમ-વેડછીઁ ખાતે પૂ.જુગતરામભાઈ દવે પાસે ગયા, અને જંગલ વિસ્તારના ગરીબ આદિવાસી ગામોમા શરૂ કરેલ શૈક્ષણિક અને સામાજિક કાર્યોની વિગતો જણાવી. જુગતરામભાઈ દવેએ આ આયોજન અને માર્ગદર્શન માટે ૭મી સપ્ટેમ્બર ૧૯૪૮મા છોટુભાઈ નાયક તથા ઘેલુભાઈ નાયકને આહવા ગામે મોકલ્યા. ઝીપરભાઈ કાળુભાઈ ગાંગોડા તથા રામજીભાઈ તુળાજીભાઈ પટેલ સાથે પરિચય કરાવી, ડાંગની પ્રજા સાથે રહી લોકઉત્કર્ષના કામો કરવા સમજ આપી, અને તે જ દિવસે એટલે કે તા.૭/૯/૧૯૪૮ના રોજ શ્રી છોટુભાઈ નાયકે આહવા ખાતે ‘ડાંગ સ્વરાજ આશ્રમ’ શાળાની સ્થાપના કરી. ત્યારબાદ કાલીબેલ, કિરલી, વીરથવા વગેરે સ્થળે ગુજરાતી શિક્ષણ આપતી શાળાઓની શરૂઆત થઈ. આ રીતે આ શાળાઓના માધ્યમ દ્વારા ગુજરાતી શિક્ષણનો વ્યાપ ડાંગમાં વધતો ગયો, અને આમ આ ‘અંધારીયા મુલક’મા શિક્ષણનો પણ સૂર્યોદય થયો.

આજે, ડાંગ પણ ગુજરાતની જેમ ૬૫ વર્ષનુ થયુ, એક સમયે ઁઅંધારીયા મુલક તરીકે ઓળખાતુ ડાંગ, આજે પ્રાકૃતિક ડાંગૅ તરીકે ઓળખાઈ રહ્યુ છે. દેશનો સૌ પ્રથમ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો એટ્લે ડાંગ, રાજયનો સૌથી પહેલો જ્યોતિર્ગામ જિલ્લો એટ્લે ડાંગ, નલ સે જલ યોજનાનો સો ટકા લક્ષ સિદ્ધિ ધરાવતો જિલ્લો એટ્લે ડાંગ. કોરોનામા સૌથી વધુ સુરક્ષિત રહેલો જિલ્લો એટ્લે ડાંગ. આમ, ડાંગ જિલ્લો વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. પ્રાથમિક જરૂરિયાતની તમામ સુખ સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય અને પ્રવાસન પ્રવૃતિઓનો વિકાસ, પ્રાકૃતિક-ઓર્ગેનિક અન્ન ઉત્પાદન, નોખી અનોખી જીવનશૈલી, હરિયાળા વન અને વન્ય પ્રાણી, સાથે આજનુ ડાંગ પ્રતિભાઓથી ઉભરાતુ ડાંગ પણ સાબિત થઈ રહ્યુ છે.




## આજનું પંચાગ

**તા.** ૦૧-૦૫-૨૦૨૫, **વાર:** ગુરુવાર **તિથિ:** ચોથ **વિક્રમ સંવત:** ૨૦૮૧ **સૂર્ય ઉદય:** ૦૬:૦૮ **સૂર્ય અસ્ત :** ૧૯:૦૮ **ચંદ્રરાશિ:** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારામાંના કેટલાકને મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો. આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો.*

**મિથુન(ક.છ.ઘ) :** *દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે?*

**કર્ક(ડ.હ) :** *આજે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારી જાતને તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજના દિવસે વધુ પડતો બહારનો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો.*

**તુલા (ર.ત.) :** *આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા?*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.*

**મકર(જ.ખ) :** *આજે તમારી ઉપર કામનું દબાણ ટૅન્શન લાવી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે.*

## ટોકરખાડા શાળામાં બાળવિવાહ નિવારણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૩૦ :** મંગળવાર દાદરા નગર હવેલી તેમજ દમણ-દીવ પ્રદેશમાં બાળવિવાહ મુક્ત ભારત અભિયાનના ભાગરૂપે સિલવાસાના ટોકરખાડા સ્થિત અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ શાળામાં મંગળવારે સવારે ૯ વાગ્યે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા મામલતદાર તથા બાળવિવાહ નિષેધ અધિકારીની આગેવાનીમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા બાળ સંરક્ષણ અધિકારીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શાળાના આચાર્ય તથા શિક્ષકમંડળના સહયોગથી વિદ્યાર્થીઓને બાળવિવાહ જેવી કુપ્રથાથી બચવા માટે સમજ આપી દેવામાં આવી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને બાળવિવાહ નિષેધ અધિનિયમ ૨૦૦૬, પોક્સો અધિનિયમ ૨૦૧૨, બાળ કલ્યાણ સમિતિ, તેમજ ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમજ બાળકોના અધિકારો અને વહેલી ઉંમરે લગ્નથી થનારી શારીરિક, માનસિક અને કાનૂની સમસ્યાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અંતે, નાગરિકોને અપીલ કરવામાં આવી હતી કે, જો કોઈ પણ વિસ્તારમાં બાળકનું લગ્ન થાય તેવી જાણ હોય તો તરતજ પોલીસ, ચાઈલ્ડ લાઈન ૧૦૯૮, બાળ કલ્યાણ સમિતિ કે મામલતદારને જાણ કરી ને કાયદેસર કાર્યવાહી માટે સહકાર આપવો.

## પારડીની એન.કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૨૯ :** પારડી માં આવેલ એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ભણતા ટી.વાય.બીકોમના વિધાર્થીઓ નો શાનદાર દેખાવ રહ્યો છે એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લાપાર્ડી ખાતે ૯.૭.૨.દૃ સેમેસ્ટર - ૬ નાપરિણામમાં કોલેજના વિધ્યાર્થીઓએ ઉમદા સિદ્ધિ હાંસલ કરી છે. સમગ્ર કોલેજમાં શ્રેષ્ઠ પરિણામ દર્શાવનારા ત્રણે વિધ્યાર્થીઓએ પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન આપ્યું છે.

પહેલા નંબરે મારિયા ખેતીઃ ૭૫.૨૦ ટકા સાથે બીજા ક્રમે નકિયા કાપડિયાઃ ૭૧.૨૦ ટકા સાથે અને રાજેન્દ્ર ભંડાવાઃ ૭૦.૦૦ ટકા સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા. સફળતા બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ . દીપેશ શાહ અને પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેમના ભવિષ્યના કારકિર્દીમાં વધુ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે.




જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદી હુમલામાં ૨૫થી વધુ પર્યટકોના મોતની ઘટના બાદ સમગ્ર દેશમાં આતંકવાદીઓ સામે ભારે રોષ જોવા મળ્યો છે. ત્યારે વલસાડના આઝાદ ચોક પર આજરોજ સાંજે ૭:૩૦ કલાકે વલસાડમાં શહેરમાં વસતા મુસ્લિમો એકત્ર થઈ આતંકવાદ મુર્દાબાદના નારા લાગ્યા હતાં.

## મરવડ ગ્રા. પં. ખાતે કાનુની શિબિર યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૩૦ :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ અને દમણ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે મંગળવારે મારવાડ ગ્રામ પંચાયત ખાતે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વકીલોએ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, મૂળભૂત ફરજો અને પીસીપીએનડીટી અધિનિયમ વિશે માહિતી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મારવાડ ગ્રામ પંચાયતમાં યોજાયેલા કાનૂની શિબિરમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અને પીડિતો વિશે માહિતી આપતા એડવોકેટ માનસી પરમારે જણાવ્યું હતું કે કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની સેવા યોજના ૨૦૧૦ હેઠળ, આપત્તિ પીડિતો, ભલે તે આપત્તિ કુદરતી હોય કે માનવસર્જિત, ઘણીવાર પીડિતોને ઘર અને મિલકતના નુકસાનની દુર્ઘટનાનો સામનો કરવો પડે છે. જે બાદ, એડવોકેટ ક્રિનાલી ભંડારીએ PAC અને PNDT એક્ટ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે PNDT ૧૯૯૬ હેઠળ, જન્મ પહેલાં બાળકના લિંગની તપાસ પર પ્રતિબંધ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 4(a) માં સમાવિષ્ટ મૂળભૂત ફરજોની ચર્ચા કરતી વખતે, એડવોકેટ નૃતિ બી રાઠોડે જણાવ્યું હતું કે ૧૯૭૬ માં ૪૨મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી હતી. ત્યારબાદ, વર્ષ ૨૦૦૨ માં, બંધારણમાં ૮૬મો સુધારો કરીને, ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને શાળા શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવાની અગિયારમી મૂળભૂત ફરજ તરીકે જાહેર કરવામાં આવી. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને તેમની મૂળભૂત ફરજોનું પાલન કરવા અપીલ કરી. કાર્યક્રમનું સંચાલન કાયદાના વકીલ વિધુષી રાખલીવાલે કર્યું હતું અને આભારવિધિ કરવામાં આવી હતી.

### શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા

## ઉમરગામમાં ભગવાન પરશુરામના જન્મોત્સવે આરતી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૩૦ :** ઉમરગામ તાલુકામાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા દર વર્ષે ભગવાન પરશુરામના જન્મોત્સવ પ્રસંગે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવે છે પરંતુ તાજેતરમાં કાશ્મીર ખાતે પહેલગામ માં આતંકવાદી હુમલો થયો હતો જેમાં નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેવાયો હતો જેને લઈ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ઉમરગામ દ્વારા રેલી વગેરે કાર્યક્રમો રદ કરી શ્રી અંબા માતા મંદિર ખાતે ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આરતી પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌએ આતંકવાદી હુમલામાં ભોગ બનનાર મૃતકોની આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## પારડી વિસ્તારમાં આગ ઝરતી ગરમીમાં લોકો ઠંડાપીણાના સહારે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૨૯ :** એપ્રિલ મહિનો પુરો થવા આવ્યો છે ત્યારે ઉનાળો પણ આકરો બનતો જાય છે. ધીમે ધીમે તાપમાનનો પારો ઉચકાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઉનાળો અસહ્ય પ્રકોપ વર્તાવી રહ્યો છે. આગ ઝરતીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે પારડી શહેર અને ગામડાઓમાં બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળે છે. પારડીમાં ઉનાળો શરૂ થતા નદી નાળાઓ ના સ્તર ઘટી જાય છે. ત્યારે લોકો પાણી નો બગાડ ન કરે તે જરૂરી છે. આ સાથે ગરમી માં લોકો લીંબુ પાણી, શેરડી, મોસંબી, પાઈનેપલ જ્યુસ, તરબૂચ સહીત વિવિધ રસદાર ફળો, ઠંડા પીણાં, આઈસ્ક્રીમ નું સેવન કરતા વેચાણ વધ્યું છે. ગરમીથી બચવા લોકો ઘર-ઓફિસમાં પંખા-એસીમાં બેસી ઠંડક અનુભવે છે. બાઈક-મોપેડ પર કામાર્થે જતા લોકો ને ગરમીના કારણે લૂ લાગવા નો અનુભવ થાય છે.

વર્તમાન સમયમાં વધતી જતી ગરમી બાબતે પારડીના પ્રતિમાબેન ભાવસાર એ જણાવ્યું હતું કે મે માસ આવી રહ્યો છે. ત્યારે હજી તાપમાન માં વધારો થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. ત્યારે દરેક લોકો પાણીની માત્રા વધારવા નારિયેળ પાણી, સિકંજી, શેરડીનો રસ અને વધુ પ્રમાણમાં પાણી પીવું ખુબ જ જરૂરી છે. નાના બાળકો, વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓએ કાળજી રાખવી જરૂરી હોવાનું જણાવ્યું હતું.

ઝાડ-જંગલ કપાઈ જતા ગ્લોબલ વૉમિંગની અસરને લઈ તાપમાન માં વધારો થઈ રહ્યો છે. દરેક નાગરિક નવા વૃક્ષના છોડવાઓ પોતાના ઘર ના આસપાસ રોપણ કરે તે ખુબ જ જરૂરી છે. આપણે પોતાની સાર સંભાળ સાથે ગરમીની મોસમ માં પશુ-પંખી ઓ ને પીવા માટે પાણી મૂકવું જોઈએ. લોકોએ તરસના લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવુ, શરીરમાં પ્રવાહીની માત્રા ઓછીના થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો, ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપી થી ઢાંકી રાખો, વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરવું જરૂરી છે.

### ગુજરાત, મહારાષ્ટ્ર અને દાનહના આદિવાસી કુકણા સમાજનું

## પાલઘરમાં રાષ્ટ્રીય વૈચારિક મહાસંમેલન યોજાયું

**આદિવાસી સાંસ્કૃતિક વિરાસત સમાન તારયા-કાહળી નૃત્ય, માદળનૃત્ય અને ઠાકરે નૃત્ય નિહાળી સૌ મંત્રમુગ્ધ બન્યા : દરેક આદિવાસી સમાજમાં લગનના સર્ટીફિકેટ દરેક ગામના ગામપંચ દ્વારા આપવા સંમેલનમાં નક્કી કરાયું**







**નવસારી, તા.૩૦ :** આદિવાસી કુકણા સમાજ એટલે પ્રકૃતિ પૂજક. સંસારના સમસ્ત તત્વને ઋણાંનુભાવે પુજનારો સમાજ છે. વિશ્વ સમુદાયને સંદેશ આપવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીના કુકણા સમાજના બાંધવો ભેગા મળી રાષ્ટ્રિય વૈચારિક મહા સંમેલનનું આયોજન કર્યુ હતું.

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં જવ્હાર ખાતે રાજીવ ગાંધી સ્ટેડિયમમાં આયોજિત આ મહાસંમેલનમાં આદિવાસી ભગવાન અને શહીદોને યાદ કરી ગુજરાતના સંગઠનના પ્રણેતા સ્વ.છગનભાઈ ચૌધરી, જશુભાઈ પાડવીને યાદ કરી પ્રકૃતિ પૂજક વઘઈના ભગત એવા ગમજુભાઈ, નાશિકના ભગત રમેશભાઈ ગાંવિત દ્વારા પ્રકૃતિ પૂજામાં જુદા જુદા રાજ્યોમાંથી લાવવામાં આવેલા અનાજ સાથે ફળ અને વનસ્પતિ સાથે વાજિંત્રો અને ગવરાઈની ટોપલીઓ મૂકી તેમની વિધિવત કેન્દ્રીય કોરના તમામ સભ્યોની હાજરીમાં વડીલો અને અગ્રણીઓ સાથે પ્રકૃતિ પૂજા કરવામાં આવી હતી.

ત્રણે રાજ્યોના મુખ્ય વક્તાઓ તેમજ રીતી રિવાજો પ્રદર્શન સાથે સંસ્કૃતિને ઉજાગર કરવા અસલ વાંજીત્રો સાથે માવલી દેવી, ડોગરદેવ, ઠાકરે નૃત્ય, ડાંગી નૃત્ય, કાહળી નૃત્ય, લગ્નની પરંપરાવાળુ નૃત્ય તેમજ સૌથી કઠિન અને પ્રકૃતિ સાથે જોડાયેલા માવલી દેવીની સ્ટેજ ઉપર ભગતો દ્વારા ઘાંઘળી સાથે કથાના માધ્યમ દ્વારા દેવોને આહવન સાથે દેવી-દેવતાઓની શક્તિ થકી અગ્નિ ઉપર ચાલતા દૃશ્યો અને સૌથી અઘરા એવી કાંટાવાળી વનસ્પતિ એવી કરમદાના કાંટા ઉપર ચાલવાવાળા ભગતોએ આજે ખરેખર કુકણા સમાજને અસલ વાસ્તવિક સંસ્કૃતિના દર્શન કરાવવામાં આવ્યા હતા. નવાનગરના માદળનૃત્ય ડાંગના માહલા કોલેજ અને પાવરી નૃત્ય, દેરા વાધ કલાકારો તાપીના વ્યારાના કલાકાર દ્વારા ખેતી અને લગ્નની રીત રીવાજનું નૃત્ય દ્વારા તારયા-કાહળી નૃત્ય વાંસદા વાડીચોંઢાના કલાકારો તેમજ કપરાડાના માવલીદેવના ભાગતો અને ઠાકરે નૃત્ય પદર્શિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર રાષ્ટ્રિય મહાસંમેલનમાં આવેલાં કુકણા સમાજની આદિવાસી સમાજની આદિવાસી સમાજની સાંસ્કૃતિક સાહિત્ય ક્વીઝ ૨૦૨૫ નું વિમોચન કરવામાં આવ્યુ તેમજ સમાજના કુંટુંબ કબીલાની આઈડી કાર્ડ બનાવવામાં આવ્યા તેમજ હવે પછી દરેક આદિવાસી સમાજમાં લગ્નના સર્ટીફિકેટ દરેક ગામના ગામપંચ દ્વારા આપવા સંમેલનમાં નક્કી કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ધ્વારા કર્યક્રમમાં વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યુ, તેના થકી સંસ્કૃતિ, શૈક્ષણિક સાથે આર્થિક રીતે ઉપયોગી એવા તમામ મુદ્દાઓને સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આપણા ગુજરાતના વક્તા જગદીશ ખાંડરા અને હીના કુરકુટિયાએ પોતાના વિચારો રજુ કર્યા હતા. ગુજરાતના વિવિધ જિલ્લામાંથી રજૂ થયેલા કંસરી નૃત્ય, માવલીપૂજા, ઠાકરે નૃત્ય, ડાંગી નૃત્ય જેવી ઉત્કૃષ્ટ કલા કૃતિને પ્રદર્શિત કરનાર સૌ કલાકાર મિત્રોને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યના કેન્દ્રીય કૌરના સભ્યોની ટીમ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય કક્ષાના આ મહાસંમેલનને સફળતા અપાવવામાં સહયોગ આપ્યો હતો. આ સંમેલનને સફળ બનાવવા નાણાંકીય ભંડોળ એકત્ર કરવાથી માંડીને સાહિત્ય સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે યોગદાન આપનાર ગુજરાત રાજ્યની કોર કમિટીના સભ્યો, જીલ્લા-તાલુકા પ્રમુખ સભ્યો સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

આ મહાસંમેલનમાં ગુજરાત રાજ્યના કેન્દ્રીય કૌરના સભ્યો જે.બી. પવાર, કાંતિભાઈ કુંનબી, એમ બી.માહલા, ભરતભાઈ ભોયે, નવસારી જગદીશભાઈ પટેલ, ડાહ્યાભાઈ વાઢુ, નવનીતભાઈ ચૌધરી, મનોજભાઈ ગાંવિત, આર.ડી.ભગારીયા, ધનેશભાઈ માહલા, ભગવતીબેન, વલસાડના ડૉ.દિનેશભાઈ ખાંડવી, ગણેશભાઈ ગાંવિત, વીણાબેન ભીંસરા, દક્ષાબેન ચૌધરી, નવીનભાઈ ભીંસરા, ચેતનભાઈ ચૌધરી, મણીભાઈ ભુસારા, ડાંગના ગમજુભાઈ ચૌધરી, ભાવનાબેન ઠાકરે તેમજ પંકજભાઈ પાલવે, નીલેશભાઈ ગાંવિત, ઘનાશારામ ભોયે, પંકજભાઈ બાગુલ, ઈશ્વરભાઈ માળી, ગીતાબેન ગાંગુડા, રીતેશભાઈ પટેલ, શ્યામભાઈ માહલા તેમજ વ્યારામાંથી ભીમસિંગભાઈ કોકણી, તુલસીરામ ભોયે, વિનયભાઈ કોકણી રાજેશભાઈ કોક્ણી વિગરે સમગ્ર ગુજરાતની ટીમ ઉપસ્થિત હતી કાર્યક્રમને રાષ્ટ્રીય લેવલના વૈચારિક એકતા અને સાંસ્કૃતિક મહાસંમેલનને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

## રાજમહલની પ્રા. શાળાના શિક્ષિકાને પર્યાવરણ સંરક્ષક એવોર્ડ પ્રાપ્ત થયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ધરમપુર, તા.૩૦ :** માધવ ચેરીટેબલ ટ્રસ્ટ કપડવંજ, બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા અને અનંતા એજ્યુકેશન કેમ્પસ, સરગાસણ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત પર્યાવરણ અને ગ્લોબલ વૉર્મિંગ વિષયક વિશિષ્ટ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાની ધરમપુર તાલુકાના રાજમહલ રોડ પ્રાથમિક શાળાના સારિકાબેન ધીરજસિંહ દેસાઈને પર્યાવરણ ક્ષેત્ર ઉત્તમ કામગીરી બદલ પર્યાવરણ સંરક્ષક એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરાયા હતાં.

આ આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયું હતું, જ્યાં સમગ્ર ગુજરાતમાંથી પસંદ કરાયેલ પર્યાવરણ ક્ષેત્ર વિશિષ્ટ કામગીરી કરનાર શ્રેષ્ઠ શિક્ષકોને તેમજ સંસ્થાઓને એવોર્ડ અપાયા હતા. કાર્યક્રમમાં માનનીય શિક્ષણમંત્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સારિકાબેન દેસાઈને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વૃક્ષારોપણ,ઈકો ક્લબ, જળસંચય, ગ્લોબલ વૉર્મિંગ અવરનેસ પ્રોગ્રામ, પર્યાવરણ સાથે જન્મદિવસની ઉજવણી, શેરી નાટક દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃકતા, પ્લાસ્ટિક મુક્ત શાળા પરિસર વગેરે પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વભરમાં લેવાતી પર્યાવરણ સંવેદનશીલતાને બાળકના મનમાં નવા અભિગમોના રોપણ માટે માનનીય મા. મદદનીશ સચિવ પુલકિત જોશી સાહેબના હસ્તે "પર્યાવરણ સંરક્ષક એવોર્ડ ૨૦૨૫" નું ઉચ્ચ સન્માન પ્રાપ્ત થતા સચિવ ડુમરાળીયા સહિત અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

## ખાનવેલ ચાર રસ્તા અને મિની કલેક્ટરેટ વિસ્તારમાં જાહેર સભા અને ધરણા પર પ્રતિબંધ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૩૦ :** ખનવેલ ઉપજિલ્લાના સૌથી વ્યસ્ત માર્ગ ચોરાસણા ચોરસ્તા પર ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થાના હિતમાં જાહેર સભા, ધરણા તથા કોઈ પણ પ્રકારના જૂથ એકત્રિકરણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બાબતે ખનવેલના ઉપવિભાગીય દંડાધિકારીએ ભાનસં ૨૦૨૩ની કલમ ૧૬૩ અંતર્ગત આદેશ બહાર પાડ્યો છે.

આ આદેશ મુજબ મિની કલેક્ટરેટ, ઉપજિલ્લા હોસ્પિટલ તથા ખનવેલ ચાર રસ્તાના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ ખાનગી સંગઠન, રાજકીય પક્ષ કે જૂથ તરફથી કોઈ પણ જાહેર કાર્યક્રમ, ધાર્મિક ઉજવણી કે આંદોલન કરવા માટે ઉપવિભાગીય દંડાધિકારીની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત રહેશે.

આ આદેશ આજથી જ અમલમાં આવી ગયો છે અને ૨૮ જૂન, ૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે. કોઈપણ વ્યક્તિ આ આદેશનું ઉલ્લંઘન કરશે તો તેના સામે ભાનસં ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ખનવેલના પોલીસ ઉપવિભાગીય અધિકારીને આ આદેશની અમલવારી માટે મિની કલેક્ટરેટ ખાતે ૨૪ કલાક પોલીસ બંદોબસ્ત જાળવી રાખવા સૂચના અપાઈ છે.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક

**ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી

## એકાંતમાં જાત જડવાની સંભાવના વધી જતી હોય છે!



જ્યારે જવાબો નથી જડતાં, ત્યારે જાત જડતી હોય છે. (-ડૉ. નિમિત્ત ઓઝા)

માનવ જીવન જ પ્રશ્ન પૂર્ણ છે. ઘડીના છઠ્ઠા ભાગમાં ઉત્પન્ન થતા અનેક પ્રશ્નો આપણને આખો દિવસ એથી અતિશયોક્તિ પૂર્ણ વાત કરીએ તો આજીવન હેરાન કરવા માટે સક્ષમ હોય છે. આ મરકટ મનની બધી ધમાચકડી છે. ભગવાને બધાને સ્થિર થવાની ક્ષમતા આપી પણ આ મનને કેમ ચૂકી ગયા એ જ નથી સમજાતું. વળી, મનને શાંત કરવાનું કઠિન કાર્ય માનવના માથે મૂક્યું. ગજબ છે આ ભગવાન પણ! સહેલું પોતાને હસ્તક રાખ્યું અને મન નામના રાવણને નાથવાનું કાર્ય મનુષ્યના માથે. એની લીલા એ જ જાણે!!

એવા કેટલાંય પ્રશ્નો ઉદ્ભવે છે જેના ઉત્તરો નથી હોતાં અથવા તો ક્યારેક આજીવન નથી જડતા અથવા જલ્દી નથી મળતાં. આ સમયે આપણી ધીરજને દાદ દેવી ઘટે! પરંતુ એ પણ એટલું જ સત્ય છે સમય આવ્યે એ સવાલો ઉદભવવાના કારણો અને તારણો બંને આપણને મળી જ જતા હોય છે.

કોઈ વાત, વ્યક્તિ કે વસ્તુ સાથે સંબંધિત -ૈના ઉત્તર મળવા કદાચ સહેલા હોય શકે. પરંતુ સ્વ સાથે સંબંધ ધરાવતા, સ્વમાંથી,સ્વ કાજે ઉદભવેલા -ૈનાં ઉત્તર -ાપ્ત થવા ક્યારેક અશક્ય લાગે. વળી, એ અસ્થગિત સમય માટે આપણી સાથે પણ રહે છે. પરંતુ સાચાં સમયે સામેથી આવતાં હોય છે. અને એ પણ આપણાં અસ્તિત્વમાંથી જ.

પ્રશ્નનું કામ જ છે ગૂચવવાનું, ચિંતન કરાવવાનું. જ્યારે જવાબો ન જડતા હોય ત્યારે આપણી જડતા ઓછી કરીને એને જવા દેવા. ભાવ અભાવમાં જીવતા વ્યક્તિનાં મનમાં અનેક પ્રશ્નો ઉદભવતા હોય છે અને એના જવાબો પણ સ્વભાવગત જ કદાચ તેઓ મેળવી લેતા હોય છે. આ જવાબો નકારાત્મક હોઈ શકે એ બનવાજોગ છે. પરંતુ જ્યારે નક્કર -ૈના સ્વ-સબંધિત -ૈના ઉત્તર નથી જડતા ત્યારે આપણી જાત જડી જાય એવું બને. ફક્ત એકાંત જ આ -ૈના ઉત્તર આપવા સક્ષમ છે એવું અંગત દ્રઢપણે સ્વીકારું છું. એકાંતમાં જાત જડવાની સંભાવના વધી જતી હોય છે. શાંત મન કોઈ પ્રશ્નો નથી પૂછતું એ હજારો સવાલોના જવાબ એક જ શબ્દોમાં આપી દે છે અને એ શબ્દ છે 'શાંતિ' આ સમયે કેળવેલું મૌન લાભદાયી નીવડી જતું હોય છે. એકાંત એટલે કે જ્યાં એકનો પણ અંત થાય અને મન પણ મૌન બને. જીવનમાં આવતાં એવા કેટલાય પ્રશ્નો છે જેના જવાબો મળી શકે પરંતુ મનની અંદર ચાલતા મારણનું તારણ મૌન છે ત્યાં જ આપણને જાત જડી શકે.

આપણાં જીવનના દરેક પ્રશ્નોના ઉત્તરો આપણી જ અંદરથી જડે એમ છે. ફક્ત આપણે આપણી અંદર ડોકિયું કરવાનું હોય છે. સૌને પોતપોતાની જાત જડે એજ મનોકામના!

**- કિંજલ પંડયા, પારડી**

## આનંદનો પર્યાય એટલે એકાંત



મિત્રો, આજના દારકળીયુગમાં શાંતિથી જીવવા માટેસૌથીઅગત્યનું છે, એકલારહીપોતાના સ્વાભિમાન સાથે જીવવું. આપણી આસપાસ આપણે ઘણાં એવાકિસ્સાઓ બનતાં જોઈએ છીએકે, એકતાની અનેસંપનીવાતો કરનારા પોતે જ કોઈને એકલાપાડવામાં અગ્રેસર હોય છેં.સંપ ત્યાંજંપે આકહેવત સોટકાસાચી છે. પણજરૂરી નથીકે, દરેક મનુષ્ય માટે સાચી ઠરે. તમે હંમેશા તમારા પરિવાર, સમાજ, ઑફિસ દરેકજગ્યાએ લોકોમાં હળવા-મળવા માટે ઘણા પ્રયત્નો કરશો. ઘણુંબધું એડજેસ્ટકરશો તોપણતમનેમોટેભાગે અતડાપણું અનુભવાતું હશે. તમેતમારીજાતને સામેવાળાના સ્વભાવસાથે એડજેસ્ટ કરવા ઘણાં પ્રયત્નો પણ કરતાં હશો પણ સફળતા નહી મળતી હોય. ત્યારે મનમાં પોતાના પ્રત્યે શંકા જાગવા લાગે કે ખરેખર ખુદમાં કોઈ ખામી તો નથી ને ?

હા, એકવાર ખુદની જાતને જરૂર તપાસી લેવી કે, સંપીને રહેવા માટેના પ્રયત્નો કરવામાં તમારાથી કોઈક મીતો નથી રહી ગઈને? જો લાગે કે, પ્રયત્નો ઓછા પડ્યા તો ફરીથી પ્રયત્નો કરવા અને જો લાગે કે, પ્રયત્નો કરવા છતાં તમને કોઈ પોતાના ગ્રુપનો ભાગ બનાવવા તૈયાર નથી તો અફસોસ ના કરવા કેદુઃખી ના થવું. કારણકે પરાણે પરાણે તમારું અસ્તિત્વ ગુમાવી કોઈના ઓળવાની જરૂરનથી. સૌ પ્રથમ તો ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માનવો જોઈએ કે એમણે બેકદર લોકોથી તમને બચાવ્યા. જ્યાંત મારી લાગણી, તમારા કાર્યો, તમારી કાબેલિયત અને અસ્તિત્વની નોંધ જ નથી લેવાતી ત્યાં સાથે રહીને પણ તમને અવગણના સિવાય કંઈ નહિ મળે. હંમેશા એક વાત યાદ રાખો, જીવનમાં સુખી અને સફળ થવા માટે લાખોની ભીડ જરૂરી નથી. જાત સાથે પણ જિંદાદિલીથી જલસા કરી શકાય. લોકો પોતાના સાથી, મિત્રો, સહકાર્યકરો, સમાજદરેક લોકોથી એવી અપેક્ષા રાખે કેએમની સાથે રહે અને ખુશ રહે. પણ દરેક વખતે એ શક્ય હોતું નથી. તમે તમારું મૂલ્ય સમજો. આમ પણ ભંગારના વેપારી હીરાની કિંમત ના જાણી શકે અને કદાચ કિંમત જાણતા હોય તો પણ ક્યાં એમની હેસિયત છેકે, હીરાને સાચવી શકે કે એફોર્ડ કરી શકે. આજ કાલ લોકોને એકલા પાડી દેવાની ફેશન બહાર પડી છે, લોકો ક્લબ, સોશિયલ ગ્રુપ અને સંસ્થામાં મેમ્બર બનાવતા પહેલાં હજારો કસોટીઓ કરે છે કાં તો પ્રતિભાશાળી વ્યક્તિથી અંદરથી ડરતા હોય છે, જેને કારણે પોતાના મિત્ર વર્તુળ કે ઓફિસ સર્કલમાં એક નવો ગ્રુપીઝમ બનાવી રહ્યા છે.

મિત્રો આદુનિયામાં એકલા આવ્યા છીએ અને એકલા જ પાછું જવાનું છે. પરાણે પરાણે તમારુંઅસ્તિત્વ ઓગાળીને બેકાર લોકોના સમૂહમાં ભળવાનો પ્રયાસના કરશો. કુદરતે બનાવેલી દુનિયા ખૂબ વિશાળ છે. તમે તમારી કદર કરનારા અનેસમજનારા લોકો મળી જ રહેશે અને તમે વધુ ખુશ રહેશો. ખુશ રહેવા માટે તમારા નજીકના પરિચિત સમૂહ સાથે રહેવું જરૂરી નથી. બહાર નીકળો, અલગઅલગ લોકોને મળો, કોઈને કોઈ એવા સાથી મિત્રો તમને મળશે જે કહ્યા વિના જ તમારી કદર કરશે અને સમજશે. એ લોકો તમારી માટે સગા અને પરિચિતો કરતાં વધુ ખાસ લાગણી ધરાવતા હશે અને તમને કોઈપણ પ્રકારની શરત કે પ્રશ્નો પૂછયા વિના દિલથી લાગણીથી જોડાઈને તમારા ચહેરા પર સ્મિત બની વિખેરાઈ જશે.

તમારા આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વને વધુ મજબૂત બનાવવા વાળા લોકો દુનિયામાં હશે, બસ એને બેકદાર લોકોમાં શોધવાનું છોડી દો. માત્ર એ લોકોને પ્રાધાન્ય આપો જેતમને સમજે છે અને તમારી સાથે સુખ અને દુઃખ વહેંચવા તૈયાર છે. જે લોકોને તમારી કંઈ કદર નથી કે પડી નથી એમની સામે ખુદને સાચા અને સારા સાબિત કરીને પણ કંઈ વળવાનું નથી. હા, કહેવામાં સહેલું લાગે છે પણ કરવું મુશ્કેલ છે. પણ નાનકડી શરૂઆત કરો. પહેલાં તો બધાને તમે સારા છો અને સાચા છો એ સાબિત કરવાનું છોડી દો. આ દુનિયામાં કોઈ પૂર્ણ પુરુષોત્તમ નથી અને ભગવાન નથી. જે તમને નથી સમજતા એને સાબિત કરશો તો પણ એ તમારી વાતને નહીં સ્વીકારે અને જે તમને સમજે છે ઓળખે છે એને કંઈ પણ સાબિતી આપવાની જરુર જ નહી હોતી, કારણ કે એ કહ્યા વિના તમારી પરિસ્થિતિ જાણે છે. લોકોને તમારી અંગત વાતો અને ભવિષ્યના ગોલ કહેવાનું ટાળો. લોકોને તમારી પળેપળની જાણકારી આપવામાં સમયના વેડફો. જે લોકો અડધી રાતે તમને કામ આવશે માત્ર એ લોકો તમારી માહિતી જાણવાના હકદાર છે. તમારી જિંદગીને મજાકનો વિષય સમજનારા સાથે સારા વ્યવહાર કેળવવા તમારે હંમેશા નમવાની જરુર નથી. સંબંધોમાંજેને સાચે લાગણીઅનેચિંતા છેએ લોકો માવઠાની જેમ તમને અચાનક ફોન કે મેસેજ કરીને જાણવાનો પ્રયત્ન નહીં કે, તમે ક્યાં છો અને શું ચાલી રહ્યું છે. જે ખરા અર્થમાં તમારા પોતાનાં છે એ હવાની માફક દરેક ઋતુમાં દરેક સમયે રાતદિવસ જાણતા અજાણતા તમારી સાથે જોડાયેલા હશે જાણે કે તમારા પોતાનાં શ્વાસ.... આવા લોકો ખરાઅર્થમાં તમારી મોટી મૂડી છે. હજારો મિત્રો હોવા સફળતાના શિખરે પહોંચો ત્યારે માંડ ગણ્યા હ ગાંઠ્યા લોકો સાથે હશે. એટલે જ તો આપણે ત્યાં કહેવત છેકે,

`શેરી મિત્ર સો મળે, તાળી મિત્રઅનેક
જેમાં સુખ દુઃખ પામીએ, તેલા ખોમાં એકૅ.

આ વાત સો ટકા સાચી છે એનું ઉદાહરણ આપણે આજે પણ જોઈએ છીએ કે, લેમ્બોર્ગીની માંર સીટ હોય છે, જ્યારે બીજી ગાડીઓમાં.. આપ વધુ સમજદાર છો અને ખોટા સમૂહમાં ભળવાનો નિરર્થક પ્રયાસ કરી શક્તિ અને સામર્થ્ય વેડફવાને બદલે ખુદને નિખારવામાં સમય અને શક્તિનો સદુપયોગ કરી સફળતાના શિખરો સર કરો એજ સૌથી વધુ લાભકારી છે.

**- નીતા પી. જાદવ ( રાજકોટ)**

## પહેલગામનું લોહી પોકારે છે : હવે યુદ્ધ એજ એકમાત્ર જવાબ છે!



કશ્મીર એ પવિત્ર ધરતી, અહીંની ઠંડી હવામાં શાંતિનો સ્પર્શ છે, જે મન અને આત્માને શાંત કરે છે. ઝેલમના તરલ પ્રવાહમાં એ પ્રદેશની સંસ્કૃતિ, શૂરવીરતા અને શાંતિ વહે છે. આજે આતંકના રક્તરંજિત છાયામાં આક્રંદ કરી રહી છે. પહેલગામમાં નિર્દોષ લોકો પર થયેલો ઘાતકી હુમલો એ ભારતની શાંતિપ્રિય સંસ્કૃતિ અને માનવતાના મૂળ પર સીધો પ્રહાર, ભારત ના આત્મા પર હુમલો, ભારતના હિન્દુ પર હુમલો! કાશ્મીર કોઈ 'વિવાદિત જમીન' નથી પરંતુ ભારતની અખંડ શાન, રાષ્ટ્રની શિરમોર ધરોહર અને સિંહાસન પર વર્તમાન તિરંગા નો મુકુટ! આ પાવન ધરતી આજે રક્તસ્નાનમાં ભીંજાઈ જઈને ચીસો પાડી રહી છે હવે શાંતિની દલીલો નહીં, હવે વાત માત્ર એક જ છે, આતંકના મૂળનો સંપૂર્ણ નાશ! પૂછી ને ઘાવ આપી ગયાં છે હવે કહીને ઘા પહોંચાડવાનો સમય આવ્યો છે! કાશ્મીર ની ધરતી આજે રક્ષા માંગે છે શબ્દોથી નહીં, શસ્ત્રોથી! 'વસુધૈવ કટુંબક' એ આપણી સંસ્કૃતિ નો સિદ્ધાંત છે. વિશ્વ ને એક કુટુંબ માનવાનો સંદેશ જગતને આપનારું ભારત આજે પણ શાંતિમાં વિશ્વાસ રાખે છે. પરંતુ જ્યારે કોઈ રાક્ષસી વૃત્તિ નિર્દોષોના લોહીથી ભૂમિ રંગે છે, ત્યારે જવાબ શ્રદ્ધાંજલિથી નહીં, સિંહસ્વરે દહાડતા પ્રતિકારથી આપવામાં આવે છે! આ પવિત્ર ધરતી સંવાદ અને સહિષ્ણુતાની છે, પણ જ્યાં આતંક જીવંત રહે છે, ત્યાં સંવાદ નહીં કડક અને અનિયમિત પ્રતિકાર એજ ઐતિહાસિક જવાબ છે! હવે વાણી નહીં, શસ્ત્રોની ભાષા સમજાવવી પડશે. રક્ષાનું ઋણ હવે ક્રોધરૂપે ચૂકવવાનું છે. અન્યાય સામે શાંતિ પાપ બને, તે પહેલાં ધર્મયુદ્ધ જરૂર છે. રાક્ષસો માટે હવે 'યુદ્ધ એજ કલ્યાણ' છે! હવે ધૈર્યનો સમય પૂરો થયો છે. હવે ઘા કરવાની ઘડી આવી છે! આ આતંકીઓએ ધર્મના પવિત્ર નામે નિર્દોષ જીવન છીનવી લીધું છે. ધર્મ ક્યારેય હત્યા શીખવતો નથી. જે ધર્મના મુખૌટા પાછળ છુપાઈને ખેલ કરે છે, તે હવે ક્ષમા ને લાયક નથી.

હવે પ્રશ્ન પુછવાનો સમય નથી હવે લલકારવાનો સમય છે. અત્યારે કર્તવ્ય સ્પષ્ટ છે : શાંતિ માટે યુદ્ધ ફરજિયાત છે. શહીદ થયેલા નિર્દોષો માટે સાચી શ્રદ્ધાંજલિ હવે લોહીથી નહિ, શત્રુના સંપૂર્ણ નાશથી જ અપાઈ શકે છે. ભારત હવે પ્રતિશોધની અગ્નિમાં છે અને એ અગ્નિ ક્યારેય શાંત નહીં થાય, જ્યાં સુધી એક એક આતંકનો સમૂળ નાશ ન થાય. વિશ્વ સાંભળે ભારત શાંતિપ્રેમી છે, પરંતુ આતંક સામે હવે શ્રેણીબદ્ધ પ્રહાર કરવાનો સંકલ્પ લીધો છે. શાંતિ માટે સંવાદ શક્ય છે, પણ આતંક માટે યુદ્ધ એજ કલ્યાણ છે!

**- હાર્દિક જોશી**

## ધર્મના પડદા પાછળ છુપાયેલી કાયરતા પહેલગામમાં હુમલો ?



હાલ કાશ્મીરના પહેલગામમાં જે અમાનવીય કૃત્ય સર્જાયું ,તે ખરેખર માનવ જાત ઉપર એક કલંક છે. પહેલગામમાં હુમલો એક એવું ધબકતું આઘાત છે ,જેને માત્ર ભારત માટે નહીં પરંતુ સમગ્ર માનવતા માટે એક ઘાવ કહી શકાય .આજે ભારતમાં જ રહેનાર એના પર ટીપણીઓ કરી સરકારને નજેવા -ૈના ઘેરામાં લાવવા પ્રયત્ન કરી રહી છે. પણ એ સમજવું પણ જરૂરી છે કે કોઈના હાથ પકડ્યા વગર કોઈ ઘૂસી શકતું નથી એ હાથ કયો છે? તે શોધવું પણ હવે ખૂબ જરૂરી છે .રાજનીતિક રોટીઓ શેકવા આવા કત્લેઆમને ડીફાઈન કરતા લોકો માણસાઈમાંથી નેવે જતા રહ્યા છે. ધર્મના નામે સ્વર્ગના વાયદાઓ અને મર્યા પછીના ઈનામોના ખોટા સપનાઓમાં જીવંત માનસિકતા ધરાવતા યુવાનોને છેક આત્મઘાતિ હુમલાની હદે લઈ જવુ તે કોઈ વિજય નથી, પણ તે કાયરતા છે .અને તેને ધર્મ રક્ષણ કરવું નહીં પણ ધર્મને કલંક લગાવવું કહેવાય. હિંદુઓ પર થયેલા આ હુમલામા જેઓ માર્યા ગયા છે, તે નહીં પણ ભારતના કરોડો નાગરિકના હ્દયમાં ઘા પડ્યો છે. અને આ પીડાના વાદળ એ અમાનુષ વિચારોનો નાશ કરીએ જ થશે. અને તેનાથી વધુ ભયાનક વાત તો એ છે કે આ બધા જે ઝેરીલા વિચારોના ફળ છે તે વિચારો બાળમાનસમાં ઠાલવવામાં આવી રહ્યા છે. એવા કેટલા નીચલા સ્તરોમાં જ્યાં ધૃણાના બીજ વાવવામાં આવી રહ્યા છે. સંપૂર્ણ રીતે આવા લોકો સફળ છે. પોતાના ધર્મના નામે ઝેર ફેલાવવામાં નાનપણથી તેમના બાળ માનસમાં પોતાના ધર્મ સિવાય અન્ય ધર્મ કાફિર છે અને તેને મારતા સહાદત મળે તે એ બાળકના મગજ માં ઠુસી દીધું છે.તેમના લોહીમાં તે કટ્ટરતા દોડે છે. અને તેનો વૃક્ષ આતંકવાદના રૂપે મોટું થયું છે .જળમૂળથી આતંકવાદનો નાશ થવો જરૂરી છે .પણ તે સોચ તેનું શું? જેમાં જીવિત નવ યુવાનોએ આત્મઘાતી બની ધર્મના નામે જીવ લીધા. ક્યાં છે એ શિક્ષણ જ્યાં બાળકને પ્રેમ, કરુણા, દયાભાવ ,પરોપકાર શીખવાનું હતું. જ્યાં તેમને માનવતાનો પાઠ ભણાવવાની જગ્યાએ તેમના હાથોમાં હથિયાર પકડાવી દીધા. આજે આ પેઢીના બાળકોના મનમાં પોતાની જાત કે ધર્મ માટે મૃત્યુ શોર્ય છે. આ ધર્મને જાતિવાદ ,રાજકારણ અને અંધવિશ્વાસ સાથે મિક્સ કરવામાં આવે છે ત્યારે તે કરૂણાની જગ્યાએ ક્રુરતા પેદા કરે છે .શું કોઈપણ ધર્મ નિર્દોષની હત્યાને પવિત્ર કામ કહી શકે ? શું ધર્મનો મતલબ માનવતાથી હવે અલગ થઈ ગયો છે ? ૨૧મી સદીમાં ભારતે આત્મવિશ્વાસ સાથે દુનિયામાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. પણ પહેલગામમાં હુમલો માત્ર એક આતંકવાદી હુમલો ન હતો. એ માનવતા પર થયેલો હુમલો છે .જે ધર્મના પવિત્ર પડદાની આડમાં રાખી અવિવેકી તાકાતોએ આચર્યો.

**-જ્યોતિ યુ. પંડયા, અતુલ**

## દિશા વિહિન યુવાધનને યોગ્ય માર્ગદર્શન અને સાચી દિશાની જરૂર !

યુવાધન એ નદીના વહેતા પાણી જેવું છે. તેને યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય દિશા તરફ લઈ જવામાં આવે તો અશક્ય કામ પણ કરી શકે છે. શ્રેષ્ઠ યુવાશક્તિના ઘણા દાખલાઓ છે. કોઈપણ સંસ્કૃતિની ઓળખ તેના યુવાધનના સંસ્કારો છે. માઁ - બાપ કે વડીલોએ સાચી દિશા તરફ લઈ જવુ જોઈએ.

સમાજને બચાવવું હોય તો યુવાધનને બચાવો. આજનુ યુવાધન દિન પ્રતિદિન ફેશન અને વ્યસનની ચૂંગાલમાં ફસાતું જાય છે. આજના મોર્ડન યુગમાં યુવાનો મોબાઈલ, ફિલ્મ અને ટી વી માં આવતી સિરિયલ જેવામાં ચાલતી રમતો અને વ્યસનીને જોઈ ગેરમાર્ગે જતા હોય છે.ઘણીવાર સિગારેટ, બીડી પાનપડીકી તમાકુ કે દારૂ જેવી વસ્તુનો શરૂઆતમાં આનંદ માટે ટેસ્ટ કરતાં હોય છે અને એ ટેસ્ટ ધીમે ધીમે એની કુટેવ બની જતી હોય છે અને એ કાયમ એ કુટેવનો બંધાણી બનતા ધીમે ધીમે વ્યસનની આદતનો એ ગુલામ બની જાય છે. માઁ - બાપ કે ઘરના વડીલો પોતાના કામ ધંધાર્થે ગુંઠાયેલા હોય છે જે બાળકો પ્રત્યે ખાસ ધ્યાન આપી શકાતું ણ હોય એટ્લેબ કારણભૂત બને છે સાથે બાળમાનસ પર આજુબાજુનું વાતાવરણ પણ ઘણું અસર કરતું હોય છે. ક્યા મિત્રો ક્યાં જાય છે, શું કરે છે આવી નાની નાની બાબતો પર ધ્યાન ન હોય તો તે મોટુ સ્વરૂપ ધારણ કરતું હોય છે.ખોટી આદતો સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેને તિલાંજલિ આપવા કટીંબધ્ધ બનવા પ્રયાસ કરવો જરૂરી છે અને દરેક બાબતમાં સમયસર નિર્ણય લેવો જોઈએ. નાનપણથી જ સારા વિચારો આપવા જોઈએ. ફેશન અને વ્યસનની ચૂંગાલમાંથી યુવાધનને ના બચાવીશું તો સમાજ પાંગળો રચાશે. યુવાધન આવતીકાલનું ભવિષ્ય હોય એને સાચવવાની ઘણી જ જરૂર છે.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## ડિજિટલ ભારતમાં ? સિટી સર્વે અને મહાનગરપાલિકાની અન્ય લીંક



ડિજિટલ ઈન્ડિયા એ ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલું એક ઝુંબેશ છે જેમાં નાગરિકોને સુધારેલા ઓનલાઈન ઈનફાસ્ટ્રક્ચર દ્વારા અને કનેક્ટિવિટી વધારી સુવિધા આપવામાં આવે છે અને ભારતના પરિવર્તનનો આ ભારતના અર્થતંત્રનો મુખ્ય કાર્યક્રમ છે પાવર ટુ એમ પાવર જેમાં ઘણીવાર સવાલ આવે કે જેટલી પણ સરકારી કચેરી છે જેમકે મહાનગરપાલિકા સીટી સર્વે ઓફિસ કે એવી ઘણી બધી સરકારી કર્મચારી ઈલેક્શન ઓફિસ આધારકાર્ડ ઓફિસ શું આ બધી ઓફિસ ડાયરેક્ટ લીંક ના થઈ શકે?

૧ . જેમ કે કોઈ એક ઘર હોય છે અને જેનું નગરપાલિકાનો વેરો વર્ષોથી ભરાતો હોય ,લાઈટ બિલ વર્ષોથી ભરાતું હોય તે છતાં પણ એવું બને કે આ પ્રોપર્ટીનું સીટી સર્વેમાં એન્ટ્રી નથી . જો સીટી સર્વેમાં એન્ટ્રી ના હોય કે પ્રોપર્ટી કાર્ડ ના હોય તો પછી નગરપાલિકાનો વેરો પ્રોપર્ટી ટેક્સ જનરેટર જ ના થવો જોઈએ અને જો નગરપાલિકા ના રિલેટેડ બધા જ પેપર હોય તો પછી એની ઓટોમેટિક લીંક દ્વારા સીટી સર્વેમાં એન્ટ્રી થઈ જવી જોઈએ. સીટી સર્વે અંગેની વધુ માહિતી નથી જો કોઈને હોય તો આ ચર્ચા ના ચોથરા દ્વારા ઉપાય આપજો અને જો સજેશન બરાબર હોય તો આગળ તમે માહિતી આપશો. જો મામલતદાર ઓફિસમાં કોઈ પ્રોપર્ટીની લેન દેન થાય તો એનું ઓટોમેટીક સીટી સર્વેમાં પણ એન્ટ્રી થઈ જવી જોઈએ જો આ બંને લિંક થઈ જાય તો સરકારને બી રેવન્યુ કલેક્શનમાં ઘણો ફાયદો થઈ શકે અને નાગરિકને પણ એમને પ્રોપર્ટી ડોક્યુમેન્ટમાં સરળતા થઈ જશે. ૨ જો કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય અને નગરપાલિકા એનું ડેથ સર્ટિફિકેટ આપે તો પછી એ ઓટોમેટિક ડિજિટલ ભારતમાં લિંક દ્વારા બધી જગ્યાએથી એ વ્યક્તિનું નામ નીકળી ના શકે? બધા જ કાર્ડ એ વ્યક્તિના બ્લોક ના થઈ શકે ? જેમ કે ઈલેક્શન કાર્ડમાંથી અન્ય ઓફિસોમાંથી મૃત્યુ થયું હોવા છતાં પણ વોટીંગ માટે એમના ઈલેક્શન કાર્ડ આવે છે. જીએસટી ઓફિસ ઈન્કમટેક્સ ઓફિસ. આમ ભારત સરકારનો ભારતના અર્થતંત્રના પરિવર્તનનો જે ઝુંબેશ છે ડિજિટલ ભારતનો એમાં આ બધી સરકારી કચેરીઓનો એકબીજા સાથે લિંક થઈ જાય તો ખૂબ જ સારું પડે અને નાગરિકોને વધુમાં વધુ સુવિધા પ્રાપ્ત થઈ શકે અને એક જ ડોક્યુમેન્ટની એન્ટ્રી કરવા માટે બધી અલગ અલગ ઓફિસોમાં જવાની જરૂરત ના પડે

**- સંધ્યાબેન ભંડારી, વાપી**

## સૃષ્ટિના સંચાલકને ક્યારેય ન ભૂલીએ



માણસ ઈશ્વરનું અદ્ભૂત સર્જન છે. પણ ખભા પરનો ચહેરો એ તો અદભૂતમાંય અદ્ભુત છે. બે આંખ,બે કાન, હોઠ, નાક અને માથામાં છૂપાયેલું મગજ- જેમાં બુદ્ધિ અને મનની ઈચ્છાઓ આપમેળે સમાયેલી છે. આંખ ન હોય તો જોઈ ન શકાય. આંખ બે પણ દૃષ્ટિ એક, કાન ન હોય તો સાંભળી ન શકાય, નાક વિના શ્વાસ ન લઈ શકાય અને હૃદય બંધ પડી જાય. હોઠને સ્મિત અને આંખને આંસુ. પ્રત્યેક ઈન્દ્રિયને એના કાર્યની વિભાજણી કરી આપી.

સુખી થવું છે કે દુઃખી એનો આધાર માણસના પોતાના મન પર છે.વિવેક કરવાનું કપરૂં કાર્ય ઈશ્વરે માણસને સોંપ્યું . સંકલ્પ કરવો છે કે વિકલ્પ એનો બધો આધાર છે માણસના મન પર. લડતા રહેવું છે કે ખુશીના ખજાના ખૂલ્લા મૂકવા છે એ આધારિત છે માણસના પોતાના પર. કશાકથી રાજી થઈએ એનો અર્થ એવો કે એ કશુક જાય તો નારાજ પણ થંઈએ.રાજી અને નારાજીની વચ્ચે માણસે જીવવાનું. આનંદ એ અવસ્થા છે જે ખુશી ને ગમથી પર છે અને એ તો કોઈક સંતને જ મળે. દુનિયાની શાળામાં આપણે તો સ્મિત અને આંસુની બારાખડી ઘૂંટ્યા કરવાની. જગદીશ જોશી ની આ પંક્તિઓ યાદ આવે છે.

ખોબો ભરીને અમે એટલું હસ્યા
કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં

એક બાજુ રિસેપ્શન અને બીજી બાજુ શોક સભા. એક બાજુ મેળો અને બીજી બાજુ મસાણ. એક બાજુ સ્મિત અને બીજી બાજુ આંસુ. આ બંનેની વચ્ચે માણસે દિવાલ ઘડિયાળના લોલકની જેમ જિંદગી ગુજારવાની છે. આપણી આ અભાન અવસ્થામાં પણ કોઈક આપણું જતન કરે છે. આપણો શ્વાસ ચાલે છે. આપણે જાગીએ છીએ. નરી આંખે સૂર્યોદય જોઈએ છીએ. સૂર્યના કિરણોમાં ઈશ્વરની સહી નથી એટલે આપણે એમ ના કહી શકીએ કે ઈશ્વર નથી. આપણે ટેક્સીમાં બેસીએ છીએ ત્યારે ટેક્ષીવાળાનું લાયસન્સ ક્યાં છે? એનો ડ્રાઈવિંગ અનુભવ કેટલો છે? એવું કશું જ પૂછતા નથી. જો અજાણ્યા ટેક્ષી વાળાઓ પર ભરોસો રાખી શકીએ તો આ સૃષ્ટિનું જે સંચાલન કરે છે એના પર કેમ નહીં? આપણે ઈશ્વરનો અનંત ઉપકાર ભૂલીને, આપણી જીભનો દુરુપયોગ કરીએ છીએ ને પૂછીએ છીએ કે ઈશ્વર ક્યાં છે? ઈશ્વર પર આસ્થા રાખીને જીવીએ. પછી જુઓ તો ખરા...!જીવવાની કેવી મજા પડે છે.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## ચૈત્રી દનૈયામા આકરો તાપ પડતા ચોમાસું સારું જશે



દર વર્ષે હોળીની ઝાળ બાદ ચૈત્રી દનૈયાના અભ્યાસ દ્વારા સૌરાષ્ટ્રના ખેડૂતો આગામી ચોમાસું કેવું રહેશે તેના વિશે અનુમાન કરે છે આ વર્ષે ચૈત્રી દનૈયા સારા તપતા સૌરાષ્ટ્ર માટે આગામી ચોમાસું સમયસર અને સામાન્ય રહેવાની શક્યતા દેખાતા ધરતીપુત્રો ખુશ છે.

ભારતમાં પૌરાણિક સમયથી આગામી ચોમાસું કેવું રહેશે તે બાબતે ખેડૂતો અને હવામાન અભ્યાસુઓ વાતાવરણનો અભ્યાસ કરી તારણ કરવાની જૂની પદ્ધતિઓને અનુસરે છે. જેમ કે હોળીની જાળ, ચૈત્રી દનૈયા, ભડલી વાક્યો અને અખાત્રીજના પવનના આધારે આગામી ચોમાસું કેવું રહેશે અંગે તારણ બાંધી ખેતી માટે ખેતરોમાં તૈયારી કરતા હોય છે.

ચૈત્ર વદ પાંચમ તા. ૧૮ એ-િલથી ચૈત્ર વદ તેરસ- ૨૬/૪ એમ નવ દિવસ માટે ચૈત્રી દનૈયા ગણવામાં આવતા, પહેલા દનૈયાથી લઈને શનિવારના અંતિમ દનૈયા સુધીમાં એક પણ દનૈયામાં વાદળછાયું વાતાવરણ ન બનતા તમામ નવ દનૈયા સારા તપ્યા હતા, નવેનવ દનૈયાઓમાં આકરો તાપ પડયો હતો. જેથી આકરો તાપ પડતા આગામી ચોમાસું સમયસર અને સામાન્ય રહેવાની શક્યતા ખેડૂતો અને અભ્યાસુઓ દ્વારા જણાવાય છે, ચોમાસાની સ્થિતિ જાણવા આગામી અખાત્રીજમાં પવનની દિશા અને ગતિ કેવી રહે છે તે હવે જોવાનું રહેશે.

**-વિનોદ મિસ્ત્રી, ખેરગામ**

**દમણગંગા ટાઇમ્સ**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

**- સંપાદક**

લોગઈન કરોઃ

www.damangangatimes.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9825122505,9558820014





# વાપી જે-ટાઈપ રેલ્વે ઓવરબ્રીજની રેલ્વે પરિષરમાં કામગીરી શરૂ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** વાપીમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક જે ટાઈપ રીંગરોડ ઉપર બની રહેલો રેલવે ઓવરબ્રિજ માટે રેલવે પરિસરમાં પીલર અને કોલમ બનાવવાની કામગીરી અને નામધા રીંગરોડ સાઈડ બ્રીજના છેડે ફિલિંગ અને રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરાય છે.

વાપી ટાઉન અને વાપી ઉદ્યોગ નગર તથા સંઘપ્રદેશ દમણ તરફ જતા આવતા વહનચાલકો માટે સૌથી મોટી સમસ્યા ટ્રાફિકની રહેલી છે જે અંગે છેલ્લા કેટલાક વર્ષોથી વાપીમાં રેલવે ઓવરબ્રિજ અને અંડર બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં હાલમાં જ બલીઠા રેલવે ઓવરબ્રિજ અને જૂના રેલ્વે ફાટક પાસે પેડેસીયલ અંડરબ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ નેશનલ હાઈવે નંબર ૪૮થી જે ટાઈપ થઈ રીંગરોડને જોડતો જે ટાઈપ રેલવે ઓવર બ્રિજ જે રૂપિયા ૫૦ કરોડના ખર્ચે બની રહ્યો છે જેની જે ટાઈપ તરફની કામગીરી મોટાભાગની પૂર્ણ થઈ જવા પામી છે જ્યારે રીંગરોડ વાપી ટાઉન તરફના માર્ગ ઉપર બ્રિજના છેડે ફીલિંગ અને રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરાય છે. સાથે હવે રેલવે પરિસરમાં આવતો વિસ્તારમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી બ્રિજના પિલ્લર અને અન્ય કામગીરી શરૂ કરવામાં આવી છે જેને લઈ અગામી ટૂંક સમયમાં જ આ રેલ્વે ઓવરબ્રીજ બની જશે જેને લઈ વાપીમાં જે ટ્રાફિકની સમસ્યા હાલમાં રહેલી છે. જેમાં વાપી ટાઉન ના મુખ્ય બજાર હનુમાન મંદિર છે જનસેવા હોસ્પિટલથી દમણ તરફ જતા માર્ગ અને વાપી આરજીએએસ ઈંગલિશ અને ગુજરાતી માધ્યમનીથી જુના ફાટક સુધીના માર્ગ ઉપર રહેતી ટ્રાફિકની સમસ્યા પણ હલ થવાની શક્યતા છે. જોકે વાપીમાં ટ્રાફિકની સમસ્યા અંગે લોકો કાયમી બુમરાણ મચાવે છે પરંતુ જ્યાં ખરેખર ટ્રાફિકની સમસ્યા છે તેવા વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકો તથા વાહન ચાલકોની શું પરિસ્થિતિ છે તે અંગે વહીવટી તંત્રએ તપાસ કરી કાર્યવાહી કરવાની પણ જરૂર છે.

# વાપી હાઈવે સર્વિસ રોડ એટલે વાહનો પાર્ક કરવાનું સ્થળ

## આ માર્ગ ઉપરથી પસાર થતી લકઝરી બસમાં ટ્રાન્સપોર્ટીંગનો માલ પણ વહન થાય છે : ટ્રાફિક પોલીસ માત્ર મુકપ્રેક્ષક બની જવા પામી છે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** વાપી નેશનલ હાઈવે ના કોપરલી ચાર રસ્તા પેપીલોન હોટલથી શાંતિ કોમ્પ્લેક્સ આનંદ નગર સુધીના સર્વિસ રોડ અને રોડ માર્જિનની જગ્યામાં વર્ષોથી કેટલાક શોપિંગ સેન્ટરો માં આવેલ શોરૂમ શોરૂમ ટ્રાવેલર્સના સંચાલકો, ટ્રાન્સપોર્ટરો તેમજ બાઈક અને કારના ડીલરો અડિંગો જમાવી ધંધો કરી રહ્યા છે. આમ છતાં તેઓને રોકનાર કે ટોકનાર કોઈ નથી. બીજી તરફ સર્વિસ રોડ પર આ પ્રકારની પ્રવૃત્તિથી વાહનચાલકોએ હેરાનગતિ ભોગવવી પડી રહી છે.

વાપીમાં સલવાવ બલીઠાથી લઈને પેપિલોન ચાર રસ્તાથી મુખ્ય ચાર રસ્તા સુધી બંને તરફના સર્વિસ રોડ ઉપર અનેક ઠેકાણે અહીં કાર અને બાઈક ના શોરૂમ, ટ્રાન્સપોર્ટ ઓફિસ કે ગેરેજ તેમજ ભંગારના ગોડાઉન ધરાવનારાઓએ સર્વિસ રોડ પર અને રોડ માર્જિનની જગ્યા પર કબજો જમાવી દીધો છે. આ તમામ લોકો આ જગ્યામાં ધંધાકીયપ્રવૃત્તિ કરી રહ્યા છે. સાથે આ સર્વિસ રોડ ઉપરથી પસાર થતી ખાનગી લક્ઝરી બસમાં જે માલ ટ્રાન્સપોર્ટ થકી જતો હોય છે તે માલ આ લક્ઝરી બસમાં સહેલાઈથી ભરીને લઈ જઈ રહ્યા છે જેમાં કોઈ મોટી દુર્ઘટના થવાની પણ સંભાવના છે. વાપી જીઆઈડીસી ચાર રસ્તા થી સલવાવ તરફથી આવતા જતા બલીઠા છરવાડા રોડ હાઈવે સર્વિસ રોડ ઉપર અનેક ઠેકાણે કેટલાક ગેરેજના સંચાલકો રોડ ઉપર ગાડી રિપેરનું કામ કરતા આવ્યા છે. જેના કારણે ઊભેલી ગાડીઓથી રાત્રે અકસ્માત સર્જાતા હોય છે. તો દિવસે ટ્રાફિક જામ સર્જાય છે. ત્યાંથી આગળ જતા વાપી પેપિલોન ચાર રસ્તાથી આગળ જતા કેટલાક ટ્રાન્સપોર્ટરો તેમનો સમાન રોડ ઉપર કે રોડની ગટર ઉપર ભેગો કરી રાખી મૂકે છે. તો આજ માર્ગ ઉપર દ્વિચક્રી વાહનના બે શોરૂમ આવેલા છે. જ્યાં રોજ આવતા અસંખ્ય વાહનોને રોડ ઉપર પાર્ક કરવાની ફરજ પાડવામાં આવે છે. સર્વિસ માટેના વાહનો પણ અહીં મોટી સંખ્યામાં પાર્ક થાય છે. તાજેતરમાં અહીં હાઈવે ના સર્વિસ રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટે નવી આરસીસીની ગટર બનાવવામાં આવી રહી છે. જેના ખોદકામ દરમિયાન સ્પષ્ટ જોવા મળ્યું કે, અહીંના વેપારીઓ રોડ માર્જિનની જગ્યામાં કેટલું દબાણ કર્યુ છે. વાપી મહાનગરપાલિકા અને હાઈવે ઓથોરિટીના અધિકારીઓને આ બધું દેખાતું હોવા છતાં આવા દબાણકારો સામે કાર્યવાહી કરવામાં અને રોડ માર્જિનની જગ્યા ખૂલી કરવામાં હાથ ધ્રુજતા હોય તેવું લાગે છે. હાલ અનેક વાહનચાલકોએ સર્વિસ રોડના વિકલ્પે મુખ્ય માર્ગે જવું પડતુ હોવાથી તેઓને અકસ્માતનો ભય પણ રહે છે જોકે હાઈવે સર્વિસ રોડ ઉપર ગેરકાયદે વાહન પાર્કિંગ કરવામાં આવેલા હોય અને જો કોઈ રાહદારી કે દુકાનદાર આ અંગે ટ્રાફિક પોલીસમાં ફરિયાદ કરે તો તેઓ તેઓને જણાવે છે કે પહેલા તમે લેખિતમાં અરજી કરો ત્યારબાદ કાર્યવાહી કરાશે તેવો જવાબ પણ આપવામાં આવે છે જેને લઈ હવે લોકો ગેરકાયદે વાહન પાર્કિંગ કરનારાઓને લઈ ત્રાહિમામ પોકારતા હતા પરંતુ હવે ટ્રાફિક પોલીસ અને હાઈવે ઓથોરિટી ની કાર્યવાહી પણ કાયમી શંકાના ડાયરામાં જોવાઈ રહી છે.

# વાપીમાં વિપ્રો ફાઉન્ડેશન વીટીએ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** આજે અક્ષય તૃતીયાના શુભ અવસરે વિપ્ર ફાઉન્ડેશન વલસાડ જિલ્લાના સહયોગથી વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશન હોલમાં ભગવાન શ્રી પરશુરામની જન્મજયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિપ્ર ફાઉન્ડેશનના જિલ્લા પ્રમુખ નવરત્ન શર્મા, વીટીએ પેટ્રોન અરવિંદભાઈ શાહ, ચીફ ભરતભાઈ ઠક્કર અને અન્ય અધિકારીઓ દ્વારા ભગવાન શ્રી પરશુરામના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિપ્ર ફાઉન્ડેશનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બી.કે. દાયમા, ગુજરાત રાજ્ય મહામંત્રી હનુમાન શર્મા, ગુજરાતી બ્રહ્મ સમાજના પ્રમુખ અમિત ભટ્ટ, બલસાડ મેડિકલ કોલેજના પ્રો. દિપેન્દ્ર શર્મા, દાનહ ભાજપના નેતા વિરેન્દ્ર રાજપુરોહિત અને અન્ય આગેવાનોએ પણ પૂજા અર્ચના કરી ભગવાન શ્રી પરશુરામની જીવન કથા સંભળાવી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સ્વચ્છના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં સમાજના તમામ વર્ગના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ૧૩૧ યુનિટ રક્તદાન કર્યું હતું. માનવ આરોગ્ય ચિકિત્સા કેન્દ્ર, પારડી અને પુરી બેન પોપટ લાયન્સ બ્લડ બેંકની ટીમે રક્ત એકત્ર કરવામાં મદદ કરી હતી.



# વાપી અને ભીલાડમાં પરશુરામ જન્મોત્સવ ઉજવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** વાપી ટાઉનના કુંભારવાડ તેમજ દેસાઈવાડ અને ભીલાડ ખાતે વાપી સોશિયલ ચેરીટેબલ ગ્રુપ ટ્રસ્ટના આગેવાન કિરણભાઈ રાવલની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી પરશુરામના જન્મ મહોત્સવ નિમિત્તે તેમની તસવીર ઉપર ફૂલહાર કરી ઉપસ્થિત રહેલા આગેવાનો દ્વારા પહેલગામ માં થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ૨૮ જેટલા મૃતકોના આત્માને શાંતિ માટે બે મિનિટ મૌન પાડી માત્ર આરતી કરી સાધગી પૂર્ણ રીતે ઉજવણી કરી હતી.

# જિલ્લાના એડીશનલ કલેકટર અનસૂયા ઝાનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિર' શાળાના'મહારાણા શ્રી પ્રભાતદેવજી સિસોદિયા મેમોરિયલ હોલ'ખાતે' અનસૂયાઆર. ઝામૅમ'ના વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યુંહતું.જેમાં મુખ્ય મહેમાન તરીકેરેસીડેન્ટ એડિશનલ કલેકટર, વલસાડના અનસૂયા આર. ઝામૅમઅને એમના પતિ જેઓ રિટાયર્ડએરફોર્સ ઓફિસર તેમજ યુનિયનબેંકમેનેજરજગદીશ સિંહ સર,રિટાયર્ડ એડિશનલ કલેકટરઆઈ. બી. માલી સાહેબ,ઍક્સ કેબિનેટ મિનિસ્ટર ઓફ ગુજરાત અને ઍક્સ પાર્લામેન્ટ મેમ્બર ઓફ ગુજરાતના કાનજીભાઈ પટેલ, શાળાના ચૅરમૅનસર હિંમતસિંહજી જાડેજા સર, શાળાની આચાર્યા ડો. રાજેશ્વરી પરમાર તેમજ તેમના પતિ એડવોકેટ ધર્મેન્દ્રસિંહજી પરમાર, કાઉન્સિલર ભારતીબા જાડેજા તથા અન્ય ઉપસ્થિત મહેમાનોમાં જિલ્લા રોજગાર અધિકારી વલસાડના પારૂલબેન પટેલ, સોશિયલ કાર્યકર તરીકે નીલમબેન તોમર, છરવાડા નગરપાલિકા પ્રભારીવહીવટદાર સંજયભાઈ પટેલ, જયરાજસિંહજી ઝાલાસર તેમજ શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ શાળાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના વિદ્યાર્થીઓએ માર્ચ પાસ કરી તેઓનુંહાર્દિક સ્વાગતકર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રજ્વલન કરીને કરવામાં આવી, જે વિશ્વાસના પ્રકાશ અને વિદ્યા પ્રત્યે શ્રદ્ધાનો પ્રતીક છે. આ સ્નિગ્ધ શરૂઆત બાદ મહેમાનોના સ્વાગત માટે વેલકમ ડાન્સ રજૂ કરવામાં આવ્યો. અનુગામી રૂપે શુભ સંકલ્પ અને મંગલ આરંભ માટે ગણપતિ બાપાની વંદનાને સમર્પિત મનોહર ગણેશ વંદના પ્રસ્તુત કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનોને મંચ ઉપર પુષ્પગુચ્છ આપી,સોલ ઓઢાડી તેમજ સ્મૃતિ રૂપે ભેટ આપી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય લોકસંસ્કૃતિની છબી દર્શાવતા ઉજાસભર્યા ગરબા અને રાજસ્થાની પરંપરાગત ઘુમર નૃત્યની આકર્ષક રજૂઆતો દ્વારા સમગ્ર માહોલ લોકરસથી મહેકી ઉઠ્યો.આ કાર્યક્રમમાં અમારી શાળાનાવિદ્યાર્થીઓ દ્વારા અનસૂયાની બાયોગ્રાફી પણ રજુ કરી હતી.

ત્યાર બાદ ચૅરમૅન અનસૂયાની જીવન સફર વિશે સંબોધીને કહ્યું હતું કે વહીવટી વિભાગ માં સતત મદદરૂપ થનારા એવા કર્મનિષ્ઠ અધિકારીઓની આપણા વલસાડ જિલ્લા ને અત્યંત આવશ્યકતા છે. આવનારા સમયમાં ખંતિલા અને કર્મનિષ્ઠઅધિકારીઓ આવે એવી માઁ આશાપુરાને પ્રાર્થના સાથે પોતાના શબ્દોને વિરામ આપ્યો હતો.

અનસૂયા આર. ઝાએ સુંદર વિદાય સમારોહ યોજવા બદલ શાળાના ચૅરમૅન હિંમતસિંહજી જાડેજા સર, શાળાની આચાર્યા ડો. રાજેશ્વરીપરમાર, કાઉન્સિલર ભારતીબા જાડેજા તેમજ શાળા પરિવાર નો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. ત્યારબાદ ઍક્સ કેબિનેટ મિનિસ્ટર ઓફ ગુજરાત અને ઍક્સ પાર્લામેન્ટ મેમ્બર ઓફ ગુજરાતના કાનજીભાઈ પટેલે ઉદ્યમથીજ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે માટે સંસ્કૃત શ્લોક દ્વારા વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન પાઠવ્યું હતું. ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર કરી મુખ્ય મેહમાનોને તીલક કરવામાં આવ્યા હતા .

આઈ.બી.માલી પણ આ વિદાય સમારોહમાં મુખ્ય અતિથી એવાશ્રીમતી અનસૂયા આર. ઝામૅમનો તથા તમામ શાળા પરિવાર નો આભાર વ્યક્ત કર્યો હતો. પારુલબેન તથા નીલમબેને પણ અનસૂયામૅમ સાથેનાં કાર્યકાળની યાદ તાજા કરી હતી અને અશ્રુભીની આંખોથી વિદાયનાં શબ્દો બોલ્યા હતા. અંતમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોનાં જવાબ આપી લક્ષ્યની પ્રાપ્તિ કેવી રીતે કરવી તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.



વાપી મા ભગવાન શ્રી પરશુરામની જન્મજયંતિ નિમિત્તે વાપી સર્વ બ્રહ્મ સમાજ દ્વારા વાપી જીઆઈડીસી ચાર રસ્તા પાસે આવેલ ગોવિંદા કોમ્પ્લેક્સ ની સામે ના શ્રી ભગવાન પરશુરામ ચોક ખાતે તેમની વિશાળ પ્રતિમાનું પૂજન કરી આરતી કરવામાં આવી હતી ત્યારબાદ ઉપસ્થિત રહેલા લોકોએ પહેલગામ હુમલામાં થયેલા આતંકી હુમલામાં જીવ ગુમાવનાર ના આત્માની શાંતિ માટે મૌન સાથે પ્રાર્થના કરી હતી જેમાં મોટી સંખ્યામાં સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ ના હોદ્દેદારો તેમજ વિને ફાઉન્ડેશન વાપી દમણ સેલવાસના અગ્રણી કાર્યકર્તાઓ માં બીકે ડાયમાં, સંજયભાઈ શુક્લા મુકેશભાઈ તિવારી સહિતના ઉત્તર ભારતીય બ્રહ્મ સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

### મુસ્કાન ગૃપ એન્જીઓ દ્વારા

# વાપીમાં ગરમીથી રાહત માટે સફાઈ કામદારોને રસ પીવડાવાયો

## પારડીની નિઃસહાય અને ટીબીના રોગથી પિડીત યુવતીને દત્તક લઈ સારવાર શરૂ કરાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર જ્યારે દેશભરના લોકો દાન કરવામાં જોડાયેલા છે ત્યારે વાપીની મુસ્કાન ટીમે દ્વારા અનેક સામાજિક કાર્યો હાથ ધર્યા છે. જેમાં તેઓએ વાપીમાં ગરમી હોવા છતાં કામ કરતા એવા ૫૭૦ મજૂરો અને તેમના પરિવારોને શેરડીનો રસ પીવડાવવામાં આવ્યો હતો અને ફળો, બિસ્કિટ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેવી જ રીતે વાપીના શૂલ પર ખાતે આવેલ સહયોગ માનવ મંદિર ચણોદમાં રહેતા તમામ ગરીબ જરૂરિયાતમંદ અને લાચાર લોકોને કેરીનો રસ, ફળોનો નાસ્તો અને રાશન જેમ કે રિફાઈન્ડ તેલ, મસાલા, ચોખા વગેરે આપવામાં આવ્યા હતા.

આ સિવાય બહુ મોટું કામ એ છે કે પારડી પાસેના એક ગામમાં અંકિતા બેન નામના ટીબીના રોગથી પીડિત એવા દર્દીની હાલત અત્યંત દયનીય છે. તેના કોઈ માતા-પિતા નથી અને વૃદ્ધ દાદી તેની સંભાળ રાખે છે અને અંકિતા આખો સમય ઓક્સિજન મશીન પર પોતાનું જીવન વિતાવે છે. તે અંકિતાબેન ને મુસ્કાનની ટીમે તે નિઃસહાય પરિવારને દત્તક લીધો અને તેમને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી. અને આજે તેઓને આખા મહિના સુધી ચાલે તેટલું રાશન સામગ્રી આપવામાં આવી હતી. આ -સંગે વાપીમાં કામ કરતાં કામદારોને મફતમાં શેરડીનો રસ અને ફળ આપવામાં આવતા આ મજૂરો અને તેમના પરિવારના બાળકોમાં ખૂબ જ ખુશીનો માહોલ પણ મુસ્કાન ટીમે જોયો હતો.

# વાપીની આર.કે. દેસાઈ કોલેજનું ટી.વાય બી.કોમનું પરિણામ જાહેર







**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૩૦ :** આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત ટી. વાય બી કોમ સેમ ૬ (ગુજરાતી માધ્યમ)નું યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત ટી. વાય. બી. કોમ સેમ ૬ ના વિદ્યાર્થીઓએ ૨૦૨૪-૨૫માં VNSGU દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર પટેલ રોનક દશરથ ભાઈ (૮.૫૦ SGPA), દ્વિતીય ક્રમે પટેલ દીપિકા અંતુષભાઈ (૭.૮૬ SGPA) અને ત્રીજા ક્રમે ચૌધરી દુર્ગા કનૈયા લાલ (૭.૮૨ લ્ઝ્ભ્ખ) મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં બી. કોમ વિભાગના હેડ ચિત્રા શેઠ દેસાઈ તથા કોલેજ ના ઈન્ચાર્જ આચાર્ય ડો. શીતલ ગાંધીનું પણ મહત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 01, May 2025

## દુષ્પ્રચારની દુકાનોને તાળાં

જ્યારે બે દેશો વચ્ચે તણાવ ચરમ પર હોય, ત્યારે સરકાર માટે એ બહુ જરૂરી થઈ જાય છે કે તે ફેક ન્યૂઝ કે અફવાઓના પ્રસારણને રોકે. આ જ પ્રયાસ અંતર્ગત ભારત સરકારે પહેલગામ હુમલા બાદ સાંપ્રદાયિક રૂપે દુર્ભાવના ફેલાવનારી પાકિસ્તાનની ૧૬ યુટ્યૂબ ચેનલો પર પ્રતિબંધ લગાવી દીધો છે. તેમાંથી કેટલીક તો સત્તાવાર રૂપે સમાચાર ચેનલ છે અને કેટલીકનું સંચાલન વ્યક્તિગત રૂપે કરવામાં આવી રહ્યું છે. ગૃહમંત્રાલયે જોયું કે આ ચેનલો દ્વારા એકતરફી અને અસત્ય માહિતી પ્રસારિત થઈ રહી છે. તેમાંથી અનેક પાકિસ્તાની ચેનલ તો એવી છે, જેનું એક જ કામ રહ્યું છે, પાકિસ્તાનના પક્ષમાં અસત્યનો પ્રચાર કરવો. પાકિસ્તાનના મોટાભાગના પત્રકારો અને ટિપ્પણીકાર પાછલાં યુદ્ધોમાં મળેલી હાર ભૂલી ગયા છે. તેમનું ભૂગોળ પણ ખરાબ છે અને ઈતિહાસ પણ. એવામાં આ ચેનલોને ભારતમાં દેખાવાની મંજૂરી આપવી ખતરાથી ખાલી ન હતું. તેથી સરકારે ૧૬ ચેનલો પર પ્રતિબંધનો જે નિર્ણય લીધો તે યોગ્ય અને પ્રશંસનીય છે.

ધ્યાન રહે આ પાકિસ્તાની ચેનલોના કુલ ૬.૩ કરોડ સબ્સ્ક્રાઈબર્સ છે અને આ ચેનલોને ભારતમાં પણ ખૂબ જોવામાં આવી રહી છે. તેનાથી પ્રસારિત એક-એક માહિતીનો પીછો કરવો આસાન નથી, તેથી આજની હાલતમાં એ વધારે યોગ્ય છે કે આ ચેનલો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવે. આરોપ છે કે પ્રતિબંધિત કરવામાં આવેલી યુટ્યૂબ ચેનલ ભડકાઉ અને સાંપ્રદાયિક રૂપે સંવેદનશીલ સામગ્રી પ્રસારિત કરી રહી હતી. આ ચેનલ ભારત, ભારતીય સેના અને તેની સુરક્ષા એજન્સીઓને નિશાનો બનાવીને ખોટા અને ભ્રામક અહેવાલો ફેલાવી રહી હતી. ધ્યાન રહે, હજુ પણ એવી ચેનલો છે, જેનાથી દેશને ખતરો પેદા થઈ શકે છે. તેથી એવી ચેનલો પર સતત નજર રાખવાની જરૂર છે. દેશની અંદર પણ જે ચેનલ ભ્રમ કે જૂઠાણાં ફેલાવી રહી છે તેના પર સકંજો કસવો જોઈએ.

ફરિયાદ તો બીબીસીને લઈને પણ છે, જે કટ્ટરપંથી મજહબી આતંકીઓને 'ચરમપંથી' કહેવાનું પસંદ કરે છે. સરકારે બીબીસીને એક ઔપચારિક પત્ર લખીને સૂચિત કર્યું છે. શું બીબીસીને એ આજ સુધી ન દેખાયું કે ભારત કેટલી હદે આતંકવાદનો શિકાર છે? બીબીસીની માનસિકતા શરૂઆતથી જ ભારત વિરોધી અને હિંદુ વિરોધી રહી છે, તેથી તેની પાસે કશી આશા ન રાખી શકાય. બીબીસી ભારતના સંપ્રભુ ક્ષેત્ર કાશ્મીરને 'ભારત પ્રશાસિત કાશ્મીર' લખવા જેવી હલકટ હરકતો કરતું રહે છે. આવી જ હાલત અમેરિકાના ન્યૂયોર્ક ટાઈમ્સની છે, તેણે પણ આતંકવાદીઓ માટે મિલિટંટ લખ્યું છે, ટેરરિસ્ટ નહીં. અમેરિકાની સરકારે તો સત્તાવાર તેની હાંસી ઉડાવીને મિલિટંટ સુધારીને ટેરરિસ્ટ લખીને કહ્યું 'લો, અમે તમારા માટે આ સુધારી દીધું.' ટ્રમ્પ -શાસને પણ કહ્યું કે જ્યારે પણ આતંકવાદી હુમલાની વાત આવે છે, તે ચાહે ભારત પર હોય કે ઈઝરાયલ પર, ન્યૂયોર્ક ટાઈમ્સને અસલિયત નથી દેખાતી. ભારત કે ભારતીયોની ભાવનાઓ પ્રત્યે જે ચેનલ સંવેદનશીલ નથી, તેમને સચેત કરવામાં કશો વાંધો નહીં. તેમ છતાં પણ કોઈ ચેનલ કે સંસ્થા ભારતીય ભાવનાઓને અનુરૂપ કામ ન કરે તો તેને હાંકી કાઢવામાં વિલંબ ન કરવો જોઈએ. એમાં કોઈ બેમત નહીં કે ગંભીર બાબતોમાં આપણી ઉદારતા જ આપણને ભારે પડી જાય છે. ધ્યાન રહે, લોકો મોટી સંખ્યામાં એવી ચેનલો જુએ છે અને તેની ભાષા, ભાવ અને વિચારથી -ભાવિત થાય છે. આવી ચેનલો દુશ્મનની જેમ જ કામ કરતી હોય છે. વિદેશી ફંડિંગથી ભારતમાં આવી કેટલીય ન્યૂઝ પોર્ટલ ભારત વિરોધનું કામ કરી રહ્યા છે

જોકે માત્ર ભારત વિરોધી પાકિસ્તાની ચેનલો પર પ્રતિબંધથી કામ નહીં ચાલે. મુખ્યધારાની કેટલીક ભારતીય ચેનલોમાં પણ પાકિસ્તાની વિશેષજ્ઞોની ભરમાર થવા લાગી છે. વિશેષજ્ઞ પણ કોઈ ઓછું ઝેર નથી ઓકતા. આ પાકિસ્તાની વિશેષજ્ઞોને કોઈપણ ભારતીય મંચ કે ચેનલ પર બોલવાનો વધુ મોકો નહિ આપવાનો સમય છે. કેટલીક ભારતીય ચેનલોએ જ 'પાકિસ્તાનના મશહૂર પત્રકાર', 'રક્ષા વિશેષજ્ઞ' વગેરે ઉપનામો આપીને ત્યાંના આઈએસઆઈના પિઠ્ઠુઓને અહીં ચગાવી માર્યા. પાકિસ્તાનના એક ચર્ચિત ટિપ્પણીકાર, જે મોટાભાગે પોતાના દેશની ફોજને જ ભાંડતા રહેતા હતા, તેમના વિશે થોડા વર્ષ પહેલાં ખુલાસો થયો કે તેમણે પોતાની પુત્રીને ફોજની દુષ્પ્રચાર શાખા 'આઈએસપીઆર'થી પત્રકારત્વનું પ્રશિક્ષણ અપાવ્યું હતું. ત્યારબાદ તેમની પોલ ખૂલવા લાગી. અસલમાં પાકિસ્તાની સેનાએ જ આવા પ્યાદાં ગોઠવ્યાં હતાં.

### લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર નિર્ણય

# મોદી સરકાર જાતિ જનગણના કરાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૩૦. આખો દેશ પાકિસ્તાન સામે સૈન્ય કાર્યવાહીની રાહ જોઈ રહ્યો છે, તેની વચ્ચે મોદી સરકારે એક અતિ મહત્વનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર મોદી કેબિનેટે મંજૂરીની મહોર મારી છે. આજે યોજાયેલી એક બેઠકમાં મોદી કેબિનેટે જાતિઆધારિત વસ્તી ગણતરી માટે મંજૂરી આપી દીધી છે. વાસ્તવમાં, રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ એટલે કે CCPA ને સુપર કેબિનેટ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં કેન્દ્રીય કેબિનેટના ટોચના મંત્રીઓનો સમાવેશ થાય છે. CCPA ના વર્તમાન સભ્યોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે, જે તેના અધ્યક્ષ છે. આ સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલનો પણ તેમાં સમાવેશ થાય છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે શિલોંગ અને સિલચર વચ્ચે એક નવા હાઈવેના નિર્માણને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ ૨૨,૮૬૪ કરોડ રૂપિયા હશે. આ સાથે, ૨૦૨૫-૨૬ શેરડીની સીઝન માટે ખેડૂતોને રાહત આપતા, પ્રતિ ક્વિન્ટલ ૩૫૫ રૂપિયાના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ને પણ મંજૂરી આપવામાં આવી છે.

પત્રકારોને સંબોધતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આજે યોજાયેલી રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ (CCPA) ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી વસ્તી ગણતરીમાં જાતિ વસ્તી ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. આને એક ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે, કારણ કે અત્યાર સુધી જાતિ વસ્તી ગણતરી મૂળભૂત વસ્તી ગણતરીનો ભાગ રહી નથી. તેમણે કહ્યું, "કેટલાક રાજ્યોએ પોતાના સ્તરે જાતિ સર્વેક્ષણો કર્યા છે, પરંતુ સામાજિક માળખાને સમજવા માટે એક સર્વાંગી અભિગમ જરૂરી છે. CCPA એ નિર્ણય લીધો છે કે હવે જાતિઓની ગણતરી આગામી વસ્તી ગણતરીમાં કરવામાં આવશે, કોઈ અલગ સર્વેક્ષણ હેઠળ નહીં."

કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કોંગ્રેસ સરકારોએ હંમેશા જાતિ વસ્તી ગણતરીનો વિરોધ કર્યો છે. ૨૦૧૦ માં, સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું કે જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો કેબિનેટમાં ધ્યાનમાં લેવો જોઈએ. આ વિષય પર વિચાર કરવા માટે મંત્રીઓનું એક જૂથ બનાવવામાં આવ્યું હતું. મોટાભાગના રાજકીય પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીની ભલામણ કરી હતી. આમ છતાં, કોંગ્રેસ સરકારે જાતિ સર્વેક્ષણ અથવા જાતિ વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો.

તેમણે કહ્યું કે એ વાત સારી રીતે સમજી શકાય છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીનો ઉપયોગ ફક્ત રાજકીય હથિયાર તરીકે કર્યો છે. કેટલાક રાજ્યોએ જાતિઓની ગણતરી માટે સર્વેક્ષણો હાથ ધર્યા છે. જ્યારે કેટલાક રાજ્યોએ તે સારી રીતે કર્યું છે, ત્યારે કેટલાક રાજ્યોએ ફક્ત રાજકીય દૃષ્ટિકોણથી બિન-પારદર્શક રીતે આવા સર્વેક્ષણો કર્યા છે. આવા સર્વેક્ષણોએ સમાજમાં શંકાઓ ઉભી કરી છે. રાજકારણથી આપણું સામાજિક માળખું નષ્ટ ન થાય તે માટે, સર્વેક્ષણને બદલે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ થવો જોઈએ.

તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે બંધારણના અનુચ્છેદ ૨૪૬ હેઠળ, કેટલીક રાજ્ય સરકારોને પોતાના સ્તરે સામાજિક સર્વેક્ષણ કરવાનો અધિકાર છે. પરંતુ જાતિના ડેટાનો સમાવેશ હવે કેન્દ્રીય વસ્તી ગણતરી હેઠળ કરવામાં આવશે, જેથી એકરૂપતા અને ચોકસાઈ જાળવી શકાય.

મોદી સરકારે શેરડીના ખેડૂતોને મોટી ભેટ આપી છે. શેરડીના FRP માં વધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે શિલોંગથી સિલ્વર કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે. સરકારે મેઘાલયથી આસામ સુધીના નવા હાઈવેને મંજૂરી આપી છે, જે ૧૬૬.૮ કિમી લાંબો ૪-લેન હાઈવે હશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર જાતિગત વસ્તી ગણતરી કરશે.

### સંયમ જાળવવાની ગુટેરેસની અપીલ

# યુએનમાં ભારતે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
યુનાઈટેડ નેશન્સ, તા.૩૦
ભારત અને પાકિસ્તાન વચ્ચેની સ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરીને યુએનના વડા એન્ટોનિયો ગુટેરેસ જણાવ્યું હતું કે તેઓ તણાવ ઓછો કરવા અને વાતચીત ફરી શરૂ કરવા માટે બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી કોઈપણ પહેલને સમર્થન આપવા તૈયાર છે. યુએસ વડાના કાર્યાલયે એક નિવેદનમાં સોમવારે જણાવ્યું હતું કે મહાસચિવ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે. તેઓ બંને સરકારોને મહત્તમ સંયમ રાખવા અને કોઈપણ પ્રકારની ઉગ્રતા ટાળવા ભારપૂર્વક અનુરોધ કરે છે. ગુટેરેસ તેમના દ્રઢ વિશ્વાસને દોહરાવે છે કે સૌથી પડકારજનક મુદ્દાઓનો પણ અર્થપૂર્ણ અને રચનાત્મક સંવાદ દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલી લાવી શકાય છે. તેઓ બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી કોઈપણ પહેલને સમર્થન આપવા તૈયાર છે, જે તણાવ ઓછો કરવા અને સંવાદ ફરી શરૂ કરવાને પ્રોત્સાહન આપે છે. ગુટેરેસે જણાવ્યું હતું કે તેઓ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર ખૂબ જ નજીકથી અને ખૂબ જ ચિંતા સાથે નજર રાખી રહ્યાં છે અને બંને સરકારોને મહત્તમ સંયમ રાખવા અને સ્થિતિ વધુ વણસે નહીં તેની ખાતરી કરવાનો અનુરોધ કરે છે. નિવેદનમાં નોંધવામાં આવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર લશ્કરી નિરીક્ષક જૂથ (UNMOGIP)ની જે વિસ્તારમાં હુમલો થયો હતો ત્યાં કોઈ હાજરી નથી અને નિયંત્રણ રેખા પર 1971ના યુદ્ધવિરામના કડક પાલનને લગતી ગતિવિધિ નિરીક્ષણ અને દેખરેખ રાખવાના તેના આદેશનો અમલ કરવાનું ચાલુ રાખે છે. UNMOGIPની સ્થાપના જાન્યુઆરી 1949માં થઈ હતી. જોકે ભારત માને છે કે UNMOGIP તેની ઉપયોગીતા ખતમ કરી ચૂક્યું છે. સિમલા કરાર અને તેના પરિણામે નિયંત્રણ રેખા (LoC)ની સ્થાપના પછી તે અપ્રસ્તુત બન્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એક કાર્યક્રમમાં પાકિસ્તાન પર આકરા પ્રહાર કરતાં યુએનમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ યોજના પટેલે જણાવ્યું હતું કે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે આતંકવાદી સંગઠનોને ટેકો આપવા અને ભંડોળ પૂરું પાડવાના પોતાના દેશના લાંબા ઈતિહાસની ખુલ્લી કબૂલાત કરી છે. આ ખુલ્લી કબૂલાત પાકિસ્તાન એક ''બદમાશ દેશ' હોવાનો પર્દાફાશ કરે છે. પાકિસ્તાન વિશ્વમાં ત્રાસવાદને પ્રોત્સાહન આપે છે અને અસ્થિરતા ઊભી કરે છે. પાકિસ્તાનના પ્રતિનિધિએ પહેલગામ હુમલાનો ઉલ્લેખ કર્યો ત્યારે યોજના પટેલે આ આકરો જવાબ આપ્યો હતો.

### મોડી રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ યોજી

# ૨૪ થી ૩૬ કલાકમાં ભારત હુમલો કરશે' : પાકિસ્તાની મંત્રી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ઈસ્લામાબાદ, તા.૩૦,** જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. ભારતની કાર્યવાહીના ડરથી પાકિસ્તાનમાં ગભરાટનો માહોલ છે. આ જ કારણ છે કે પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે મોડી રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે દાવો કર્યો કે અમને વિશ્વસનીય ગુપ્ત માહિતી મળી છે. જે દર્શાવે છે કે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં લશ્કરી હુમલો કરી શકે છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પીએમ મોદીએ મંગળવારે આતંકવાદ સામે નિર્ણાયક લડાઈ માટે સશસ્ત્ર દળોને છૂટ આપી હતી. જેથી તેઓ પહલગામ હુમલાના ગુનેગારો અને તેમના સાથીઓને સજા આપી શકે. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પાકિસ્તાનના માહિતી મંત્રી તરારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે પાકિસ્તાન પાસે વિશ્વસનીય ગુપ્ત માહિતી છે કે ભારત પહેલગામ ઘટનાને ખોટા બહાના તરીકે ઉપયોગ કરીને આગામી ૨૪ થી ૩૬ કલાકમાં સૈન્ય કાર્યવાહી કરી શકે છે. તરારે ચેતવણી આપતા કહ્યું કે કોઈપણ આક્રમક કાર્યવાહીનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. પાકિસ્તાન પોતે આતંકવાદનો ભોગ બન્યું છે અને આ કટોકટીના દુઃખને ખરેખર સમજે છે. અમે હંમેશા દુનિયા સમક્ષ આતંકવાદની નિંદા કરી છે. તરારે કહ્યું કે પાકિસ્તાને સત્ય બહાર લાવવા માટે નિષ્ણાતોના તટસ્થ કમિશન દ્વારા વિશ્વસનીય, પારદર્શક અને સ્વતંત્ર તપાસની અમે દિલથી ઓફર કરી છે. પાકિસ્તાની મંત્રીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને પરિસ્થિતિની ગંભીરતાને સમજવા પણ અપીલ કરી.

# પાકિસ્તાને ફરી IMF સામે ૧.૩ અબજ ડોલરની મદદ માટે ઝોળી ફેલાવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વોશિંગ્ટન, તા.૩૦,** આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ના કાર્યકારી બોર્ડની બેઠક ૯ મેના રોજ થવાની છે. જેમાં પાકિસ્તાન સાથે થયેલી ૧.૩ અબજ ડોલરના સ્ટાફ લેવલ સમજૂતિ પર વિચાર કરવામાં આવશે, જે પાકિસ્તાન સાથે ચાલી રહેલા ૩૭ મહિનાના બેલઆઉટ કાર્યક્રમનો હિસ્સો છે.

જુલાઈ ૨૦૨૪મા પાકિસ્તાનમા IMFએ ૭ અબજ ડોલરનો સોદો કર્યો હતો. ૩૭ મહિનાના આ સોદાની છ સમીક્ષા બાકી છે. જેમા ૯ મેના રોજ તેની બીજી સમીક્ષા થશે. જો તેને મંજૂરી મળી જાય છો તો પાકિસ્તાનને ૧ અબજ ડોલરની સહાય અપાશે.

નોંધનીય છે કે આ સોદો પાકિસ્તાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે દેશમાં મોંઘવારી ટોચ પર છે, વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થયો છે, શેરબજાર પણ સતત ઘટી રહ્યું છે. માર્ચની શરૂઆતમાં, IMF અને પાકિસ્તાને ૨૮-મહિનાના સ્ટાફ-લેવલના સોદા પર સંમત થયા હતા, જેનો ઉદ્દેશ્ય આબોહવા પરિવર્તનની અસરને ઘટાડવા અને તેનો સામનો કરવાના પાકિસ્તાનના પ્રયત્નોને ટેકો આપવાનો હતો. જ્યારે IMFની ટીમે ૩૭ મહિનાના બેલઆઉટ પ્રોગ્રામના ભાગ રૂપે માર્ચમાં પાકિસ્તાનની મુલાકાત લીધી, ત્યારે તેને જાણવા મળ્યું કે પાકિસ્તાને આર્થિક સુધારા માટે ઘણા પગલાં લીધા છે, જેમ કે ફુગાવાને અંકુશમાં રાખવા વ્યાજ દરો ઊંચા રાખવા અને ઊર્જા ક્ષેત્રમાં સુધારાઓ જોવા મળ્યા હતા. બેલઆઉટ વાસ્તવમાં આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા દેશને નાણાકીય મદદ પૂરી પાડવાની એક પદ્ધતિ છે જેથી તેની આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકાય. જો આ વખતે એક્ઝિક્યુટિવ બોર્ડ મંજૂરી આપે છે, તો પાકિસ્તાનને એક્સટેન્ડેડ ફંડ ફેસિલિટી (EFF) હેઠળ ૧ અબજ ડોલરની રકમ મળશે. આ સાથે, આ પ્રોગ્રામ હેઠળ કુલ વિતરણ ૨ અબજ ડોલર સુધી પહોંચી જશે. અગાઉ, સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧.૦૩ અબજ ડોલરનો પ્રથમ હપ્તો આપવામાં આવ્યો હતો. પાકિસ્તાન ૧૯૫૦થી IMFનું સભ્ય છે અને દેશમાં આર્થિક અસ્થિરતાને કારણે અને આયાત પરની તેની નિર્ભરતા ઘટાડવા માટે ૨૪ વખત IMFનો સંપર્ક કર્યો છે.

# મોદીએ રશિયાની મુલાકાત રદ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૩૦, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી રશિયાની મુલાકાત રદ કરી છે. હવે તે ૯ મેના રોજ મોસ્કોમાં વિક્ટરી પરેડમાં ભાગ લેશે નહીં. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રેસ સેક્રેટરી દિમિત્રી પેસ્કોવે આ માહિતી આપી હતી. જોકે, રશિયાએ પીએમ મોદીની મોસ્કો મુલાકાત રદ કરવાનું કારણ જણાવ્યું નથી. કહેવામાં આવી રહ્યું છે કે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ વર્તમાન સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે ભારત તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

મહત્વનું છે કે, PM મોદીને બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર રશિયાની જીતની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ૯ મેના રોજ વિજય દિવસની પરેડમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે જાન્યુઆરી ૧૯૪૫માં સોવિયત સેનાએ જર્મની વિરુદ્ધ આક્રમક કાર્યવાહી શરૂ કરી હતી. ૯ મેના રોજ કમાન્ડર-ઈન-ચીફે જર્મનીના બિનશરતી શરણાગતિના અધિનિયમ પર હસ્તાક્ષર કર્યા, યુદ્ધ સમાપ્ત કર્યું હતું.

### ટેરિફની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી શક્યતા

# ભારત સાથે દ્વિપક્ષી વેપાર કરાર ટૂંકમાં થઈ શકે: અમેરિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
ન્યૂયોર્ક, વોશિંગ્ટન, તા.૩૦
ટ્રમ્પ સરકારે શરૂ કરેલા ટેરિફ અભિયાન બાદ અમેરિકાએ અનેક દેશ સાથે વાટાઘાટો શરૂ કરી છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે કહ્યુ હતું કે, ભારત સાથે વાટાઘાટો કરવાનું ખૂબ સરળ રહ્યું છે અને ઊંચા ટેરિફ મામલે ચાલી રહેલી વાટાઘાટો સફળ રહી છે. ભારત સાથે દ્વિપક્ષી વેપાર કરારને ટૂંક સમયમાં આખરી ઓપ આપવાની અપેક્ષા વ્યક્ત કરતા સ્કોટે કહ્યું હતું કે, અમેરિકાએ રેસિપ્રોકલના ટેરિફના વિકલ્પે દ્વિપક્ષી વેપાર કરારને મહત્ત્વ આપ્યું છે. સૌથી પહેલા આ કરારને મંજૂરી આપનારા દેશોની યાદીમાં ભારતનો સમાવેશ થઈ શકે છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતાં બેસન્ટે કહ્યું હતું કે, અમેરિકાના એશિયન ટ્રેડિંગ પાર્ટનર્સ અને મિત્ર રાષ્ટ્રો આ કરારની શરતો બાબતે નક્કર પ્રગતિ સાધવામાં મોખરે છે. ગત સપ્તાહે ઉપપ્રમુખ વેન્સે ભારતની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓ મળ્યા હતા અને આ વાટાઘાટોમાં ઘણી સારી પ્રગતિ સધાઈ હોય તેમ જણાય છે. તેથી ભારત સંદર્ભે સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે. બેસન્ટે દક્ષિણ કોરિયા અને જાપાન સાથે પણ ટ્રેડ ડીલ બાબતની વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી હોવાનું કહ્યું હતું. ભારત સાથે ટ્રેડ ડીલને આખરી ઓપ આપવાનો તબક્કો ખૂબ નજીક હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે, અન્ય દેશોની સરખામણીએ ભારત સાથે વાટાઘાટો કરવાનું ખૂબ સરળ છે, કારણ કે ભારતમાં ઘણાં ઊંચા ટેરિફ દર છે. દાયકાઓથી ચાલી રહેલા અન્યાયી ટેરિફ દરનો વિરોધ કરવાના બદલે નોન-ટેરિફ એગ્રીમેન્ટ થઈ જાય તો દ્વિપક્ષી વેપારની બધી અડચણો દૂર થઈ જશે. ઉલ્લેખનીય છે કે, યુએસ પ્રમુખ બન્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફની નીતિ અપનાવી છે. ટ્રમ્પની આ નીતિના પગલે વિશ્વના દરેક દેશમાં ચિંતા ફેલાઈ છે. અમેરિકાના સામાન પર જેટલો કર લેવાતો હશે, તેટલો જ કર અમેરિકા પણ વસૂલ કરશે, તેવું ટ્રમ્પે જાહેર કર્યું હતું. બાદમાં ટ્રમ્પે પોતાના આ નિર્ણયમાં આંશિક પીછેહઠ કરતાં ભારત સહિતના દેશોને ૯૦ દિવસની રાહત આપી હતી. આ સમયગાળામાં અમેરિકાએ ટ્રેડ પાર્ટનર દેશો સાથે વાટાઘાટો હાથ ધરી છે. જો આ દેશો સાથે દ્વિપક્ષી વેપાર કરાર શક્ય બને તો ટેરિફની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી શક્યતા છે.

# પૂર્વ રૉ પ્રમુખ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૩૦, પાકિસ્તાન સાથે ભારતના તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય કર્યો છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં ફેરફાર કર્યો છે. પૂર્વ રૉ પ્રમુખ આલોક જોશીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

આ નિર્ણય પહલગામ આતંકવાદી હુમલાના પગલે લેવામાં આવ્યો છે, પહલગામ આતંકવાદી હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વારા તેમના નિવાસસ્થાને બોલાવવામાં આવેલી સુરક્ષા મામલેની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# વિશાખાપટ્ટનમના નરસિમ્હા સ્વામી મંદિરમાં મોટી દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦
વિશાખાપટ્ટનમમાં શ્રી વરાહલક્ષ્મી નરસિમ્હા સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન મંદિરનો ૨૦ ફૂટ લાંબો ભાગ તૂટી પડતાં આઠ લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. જેની જાણકારી મળતાં જ SDRF અને NDRFની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. પરિસ્થિતિ જોઈને આંધ્રપ્રદેશના ગૃહમંત્રી વાંગલાપુડી અનિતા પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ચંદનોત્સવ દરમિયાન ૨૦ ફૂટ લાંબો મંદિરનો હિસ્સો અચાનક તૂટી પડવાથી આ ઘટના બની હતી. દર વર્ષે ચંદનોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે. આ વર્ષે પણ એવો અંદાજ છે કે લગભગ બે લાખ ભક્તો આ મહોત્સવમાં હાજર રહ્યા હતા. સિંહચલમ ટેકરી પર આવેલું આ મંદિર સદીઓ જૂનું છે. ચંદનોત્સવ અને અન્ય ધાર્મિક વિધિઓ માટે હજારો ભક્તો અહીં એકઠા થયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ભીડ ખૂબ જ હતી અને ભક્તો ભગવાનના દર્શન માટે કતારમાં ઉભા હતા. બુધવારે સવારે ૧ વાગ્યે 'સુપ્રભાતમ' સાથે ચંદનોત્સવ શરૂ થયો હતો. ત્યારપછી વિશ્વસેન પૂજા, પુણ્યવચના, ઋત્વિકવરણ, પંચકલવાહન અને ચન્નોત્તરમ્ કરવામાં આવ્યા હતા. ભક્તોને સવારે ૪ વાગ્યાથી ભગવાનના દર્શન કરવાની છૂટ અપાઈ હતી. પ્રોટોકોલ મુજબ, VIP લોકોને સવારે ૫ થી ૬ વાગ્યા સુધી અને રાત્રે ૮.૩૦થી ૯.૩૦ વાગ્યા સુધી દર્શન કરવાની મંજૂરી અપાઈ હતી.

# મેંગલુરુમાં 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા પોકારી રહેલા યુવકની હત્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મેંગલુરુ, તા.૩૦,** પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત બાદ દેશભરમાં આક્રોશ ચરમસીમાએ છે. આ દરમિયાન કર્ણાટકના મેંગલુરુમાં ક્રિકેટ મેચ દરમિયાન પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવા બદલ ટોળાએ એક વ્યક્તિની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે પોલીસે ૧૦ લોકોની ધરપકડ કરી છે. કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરે ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું હતું કે, એક અજાણ્યા વ્યક્તિ સાથે મોબ લિંચિંગની ઘટના નોંધાઈ છે. મને જાણ કરવામાં આવી હતી કે, સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન તે 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવી રહ્યો હતો, જેના કારણે કેટલાક લોકોએ તેને માર માર્યો હતો. તેનું ઘટનાસ્થળે નહીં પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મને હજુ સુધી સંપૂર્ણ રિપોર્ટ મળ્યો નથી. લગભગ ૧૦થી ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. તેમણે ખાતરી આપી હતી કે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવશે. આ ઘટના રવિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ મેંગલુરુના બહારના કુડુપુ ગામમાં ભત્રા કલ્લુર્તી મંદિર પાસે ૧૦ ટીમો અને ૧૦૦થી વધુ ખેલાડીઓ સાથેના ક્રિકેટ કાર્યક્રમ દરમિયાન બની હતી. સાક્ષીઓએ જણાવ્યું હતું કે પીડિત અને સચિન નામના વ્યક્તિ વચ્ચે ઝપાઝપીથી શરૂ થઈ હતી. જે જોત જોતામાં ઉગ્ર બનીને જૂથ અથડામણમાં ફેરવાઈ હતી. ઘર્ષણ થતાં કેટલાક રાહદારીઓએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ટોળાએ લાકડીઓ અને લાતોથી પીડિતને મારવાનું ચાલુ રાખ્યું હતું.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
ક્યુઆર કોડ સ્કેન કરો

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ૧લી મે, ૨૦૨૫
# ગુજરાત ગૌરવ દિવસની
## સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ





ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત
**જય જય ગરવી ગુજરાત**



## પંચમહાલને ₹**૬૫૦ કરોડ**થી વધુની રકમના
## કુલ **૮૫** વિકાસકાર્યોની ભેટ

ગુજરાતના માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**
સમારોહનું અધ્યક્ષસ્થાન શોભાવશે

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન

તારીખ ૧-૫-૨૦૨૫, ગુરુવાર

**પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ**
**સમયઃ** સવારે ૧૦:૧૦ વાગે
**સ્થળઃ** પંચામૃત ડેરી પાસે, ગોધરા.

**લોકાર્પણ અને ભૂમિપૂજન તથા શસ્ત્ર પ્રદર્શન**
**સમયઃ** સવારે ૧૦:૩૦ વાગે
**સ્થળઃ** રામ દરબાર મંદિર પાસે, છબનપુર, ગોધરા-લુણાવાડા રોડ, ગોધરા.

**પોલીસ પરેડ નિરીક્ષણ**
**સમયઃ** સાંજે ૬:૦૦ વાગે
**સ્થળઃ** વાવડી ચોકડી પાસે, ગોધરા-બામરોલી રોડ, ગોધરા.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**
**સમયઃ** સાંજે ૭:૩૦ વાગે
**સ્થળઃ** એસ.આર.પી. ગ્રાઉન્ડ, પંચામૃત ડેરી પાસે, ગોધરા.